Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૮ • તા. ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૬ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17



## સાંયરા વિકાસ મંડળ આયોજીત ૧૯મું સ્નેહમિલન




વ્યાસપીઠનું બૅનર



સાંયરા સહિયર બહેનોનું રજીસ્ટ્રેશન કાઉંટર



કાર્યક્રમનું સંચાલન કરતા રાજુલ પટેલ



સાંયરાવાસીઓને સંબોધતા ભદ્રેશ પટેલ





શ્રી તિલકચંદભાઈ લોડાયાનું બહુમાન કરતા સર્વે શ્રેષ્ઠીઓ અને ટ્રસ્ટીગણ



ચાતુર્માસ દાતા પરિવારનું બહુમાન



પ્રિતી ભોજનના દાતા માતુશ્રી દમયંતિ રતનશી લોડાયા તથા તેમના સુપુત્રોનું બહુમાન



ઈનામ વિતરણના દાતા શ્રીમતી ચેતના બિપીન મોમાયા પરિવારનું બહુમાન



સાંસ્કૃતિક કાર્યક્રમના દાતા માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ પરિવારનું બહુમાન



મુંબઈ મહાજન ઉપપ્રમુખનું બહુમાન કરતા શ્રી વિજય ધરમશી



મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી કલ્પેશ મોતાનું અભિવાદન કરતા શ્રી તિલકચંદ લોડાયા



વિદ્યાર્થીઓનું બહુમાન કરતા શ્રી વિકાસ મંડળના ઉપપ્રમુખ



સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ લેતો યુવાવર્ગ





મ્યુઝિકલ હાઉઝી અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં મગ્ન યુવાવર્ગ અને વડિલો

|| શ્રી ચંદ્રપ્રભ સ્વામી નમો નમઃ ||

# નલિયા ચંદ્રપ્રભ જિનાલય ૧૭૫મી વર્ષગાંઠ કાર્યક્રમ








શેઠ શ્રી નરશી નાથાના નલિયા ગામના શ્રી ચંદ્રપ્રભ સ્વામી દેરાસર (વીરવસઈ ટૂંક)ની ૧૭૫મી વર્ષગાંઠ નિમિતે ધજા ચડાવા. નલિયા ગામમાં ૧૨-૦૨-૨૦૧૬ના પ.પૂ. મુનિરાજ શ્રી કંચનસાગર મ.સા.ની નિશ્રામાં ૧૦૦ થી વધુ ગામવાસીઓની હાજરીમાં ધજા ચડાવવામાં આવેલ તથા સત્તરભેદી પૂજાનું આયોજન કરવામાં આવેલ. જેમાં નરેન્દ્રભાઈ મોમાયા, સુશીલાબેન નાગડા, જયાબેન પીર, સોમચંદભાઈ મોતા, રાયચંદભાઈ ડાઘા, નીલેશ મોતા / કિરણ મોતા, મહેશ નાગડા, સુરેશભાઈ નાગડા વિગેરે તથા નરશી નાથા ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી વીરેન્દ્ર લોડાયા હાજર હતા. શેઠ શ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ દ્વારા સ્વામી વાત્સલ્ય જમણવારનું આયોજન કરવામાં આવેલ તથા રૂા. ૪૨નું સંઘપૂજન થયેલ. શેઠીશ્રીના કુટુંબ દ્વારા સાટાની લાણી કરવામાં આવેલ.

શેઠ શ્રી નરશી નાથ ચેરીટી ટ્રસ્ટ દ્વારા ડીસેમ્બર ૨૦૧૬માં તા. ૨૩ થી ૨૭ના ૧૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે નલિયા ગામમાં પંચાન્હિકા મહોત્સવનું આયોજન કરેલ છે. જેની રૂપરેખા થોડા દિવસમાં પ્રકાશ-સમીક્ષા દ્વારા જાણ કરવામાં આવશે. જેની નોંધ લેશોજી. સર્વ ગામવાસીઓ તથા નિયાણી બહેનોને જરૂરથી સહકુટુંબ પધારવા નમ્ર વિનંતી છે.

# પાલીતાણા ચંદ્રપ્રભ જિનાલયના ધજા મહોત્સવની ઝલક








શેઠ શ્રી નરશી નાથા ધર્મશાળા પાલીતાણા મુકામે શ્રી ચંદ્રપ્રભ જિનાલયની ૧૫૧મી વર્ષગાંઠ નિમિત્તે પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. તથા ૫૦ થી વધુ સાધુ-સાધ્વી ભગવંતોની નિશ્રામાં ધજા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ. અઢાર અભિષેક, સત્તરભેદી પૂજા અને શાંતિ કળશ રાખવામાં આવેલ. ધજાના ચડાવાનો લાભ માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા તથા લાલજી રામજી ખોના વિગેરેએ લીધેલ. રાત્રે સુંદર મજાની આંગી કરવામાં આવેલ. શેઠ શ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ તરફથી સ્વામી વાત્સલ્ય રાખવામાં આવેલ. ૨૦૦ થી વધુ જ્ઞાતિજનો એ લાભ લીધેલ.

પાલીતાણામાં નવટૂંકમાં નરશી નાથા ટ્રસ્ટ હસ્તકના દેરાસરોમાં ટ્રસ્ટી શ્રી સમીરભાઈ નાગડાના નેજા હેઠળ મુંબઈથી જી.વી.સી. સંઘના કાર્યકરો સાથે દેરાસર શુદ્ધિકરણનું સુંદર મજાનું આયોજન કરવામાં આવેલ. બાન્દ્રાથી પધારેલા વિધીકાર ઈન્દીરાબેને વિધિવત અઢાર અભિષેક કરાવેલ.

નરશી નાથા ટ્રસ્ટ તેમનું તથા પધારેલ સર્વ જ્ઞાતિજનો મહેમાનોનું ભાવભીનું અનુમોદન કરે છે તથા આભાર માને છે.

॥ નમામિ જ્ઞાતિ મૈયૈ ॥

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન

**કાર્યાલય :** C/o. તન-મન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, ૧૯-૨૦, મોનાણી સદન (ભુજબલ નિવાસ), જવાહરલાલ નેહરૂ રોડ, મુલુન્ડ (પ.), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

## વર્તમાન મહાસમિતિની સમાપન અને ૧લી એપ્રિલથી સૂત્રો સંભાળનાર મહાસમિતિની પૂર્વ તૈયારી બેઠક

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન વર્તમાન મહાસમિતિની સમાપન અને ૧લી ઍપ્રિલથી સૂત્રો સંભાળનાર વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૧ પાંચ વર્ષ માટે નિમાયલ/ચુંટાયેલ પ્રતિનિધીઓની મહાસમિતિની પૂર્વ તૈયારી બેઠક રવિવાર, તા. ૨૭/૦૩/૨૦૧૬ના રોજ સવારે ૯.૩૦ કલાકે (વર્તમાન સમિતિની સમાપન બેઠક) અને સવારે ૧૦.૩૦ કલાકે (૧લી ઍપ્રિલથી સૂત્રો સંભાળનાર મહાસમિતિની પૂર્વ તૈયારી બેઠક) શેઠશ્રી નરશી નાથા, વાતાનુકુલીત સભાગૃહ, અનંતસિધ્ધિ, એલ.બી.એસ. માર્ગ ખાતે એકત્ર મળશે અને તેઓ પોતાના વિસ્તારના ટ્રસ્ટીઓની નિમણુક/ચુંટણી કરશે.

બપોરના ભોજન બાદ નવા ટ્રસ્ટ બોર્ડની પ્રથમ બેઠક એજ સ્થળે ૧૪.૦૦ કલાકે એકત્ર મળશે અને તેઓ પોતાના માંથી ૩ મેનેજીંગ ટ્રસ્ટી અને સેક્રેટરી જનરલની નિમણુક /ચુંટણી કરશે.

**નોંધ :** હજુ પર્યંત જે મહાજનો એ પોતાના પ્રતિનિધી નિમ્યા/ચુંટ્યા ન હોય તેઓ તેમ કરી, સત્વરે કાર્યાલયે લેખીત વિગતો મોકલી આપે.

– ચીમન મોતા (સેક્રેટરી જનરલ)

---

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

KDO

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ આયોજીત

## "પરિચય થી પરિણય" "પરિચય મિલન - ૨૦૧૬"

No Stage Introduction

| | | |
|---|---|---|
| **તારીખ :** રવિવાર, તા. ૧૦-૪-૨૦૧૬ | **સમય :** સવારના ૧૦ થી સાંજના ૫ સુધી | **સ્થળ :** શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ, અનંત સિધ્ધિ, ભાંડુપ |

- ચાલો સૌ લગ્નોત્સુક યુવક-યુવતિઓ આવો એક બીજાને મળો. પરિચય કેળવો પરિણામ જરૂર આવશે.
- પધારો આ મેળાવડામાં જ્યાં છે બહોળી પંસદગીની તક દેશ-વિદેશ થી આવનારા આપણા જ 'યુવાધન'.

**સર્વ મહાજનોના અધિકારીઓને વિનંતી કે પોતાના વિસ્તારના લગ્નોત્સુક યુવક-યુવતિઓને સહભાગી થવા પ્રેરે.**

અરજી સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા લાવશો. જેથી તમે ત્યાં ભરીને આપી શકો.

રજીસ્ટ્રેશન : રૂા. ૭૦૦/- ઉમેદવાર તથા ૧ વાલી અને અતિરિક્ત વાલી ૧ માટે રૂા. ૪૦૦/- (Non Refundable)

**ફોર્મ ઉપલબ્ધ : ૧૦-૨-૨૦૧૬ થી ૨૦-૩-૨૦૧૬**

**ફોર્મ મેળવવા તથા આપવા માટે સંપર્ક સૂત્રો :**

મસ્જિદ બંદર : મહાજન કાર્યાલય - અનંતનાથ જિનાલય • માટુંગા : રતિલાલ ખોના - 99675 56593 • ભાંડુપ : અનંતનાથ ટ્રસ્ટ ઓફીસ - અનંત સિધ્ધી • મુલુંડ : મનિષા લાલકા - 98205 45734, રિતેષ કાયાણી - 93219 15642 • ડોમ્બીવલી : રમેશ લોડાયા - 98920 03940 • જસ્મીન સાયલા - 84528 21425 • ગોરેગાવ : ચેતન ખોના - 93244 61894, પ્રવિણ મોતા - 93212 23740 • વાશી : જલ્પા લોડાયા - 98676 15913 • થાણા : જસ્મીન ધુલ્લા - 96190 74996 • ઘાટકોપર : કમલેશ સોની - 98333 08933, ચેતન મોમાયા - 93240 58414

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મસ્જિદ બંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯. ફોન : 022-2344 8274

ઈ-મેલઃ anantnathderasar@gmail.com • વિશેષ સુવિધાઃ konarkinterior@gmail.com / jalpalodaya@yahoo.com પર ઈમેલ કરવાથી ફોર્મ પ્રાપ્ત થશે.

**કાર્યાલય સમય : ૧૨ થી ૬ કલાક**

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 08/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# સમસ્ત મહાજનને ચેતનવંતુ બનાવવા નવી માનસિકતા કેળવીએ

સમસ્ત મહાજનની આગામી પાંચ વર્ષની કાર્યાવધિ માટે તેની મહાસમિતિના સભ્યો અને તેના અનુરૂપમાં ટ્રસ્ટીઓની નિમણુંક કરવાની વિધિવતની પ્રક્રિયા છેલ્લાં ચારેક મહીનાથી શરૂ થયેલી તેને પૂરી થવામાં હજી દોઢેક માસનો સમય છે.

અત્યાર લગી, જ્ઞાતિની આ સૌથી વધારે મહત્વ ધરાવતી કેન્દ્રીય સંસ્થામાં સ્વેચ્છાએ જોડાવવા માટે જ્ઞાતિના વિવિધ એકેમો અને વિસ્તારોના જ્ઞાતિજનોએ કોઈ ખાસ રસ કે ઉમળકો દર્શાવ્યો નથી તે હકીકત છે. વર્તમાન ટ્રસ્ટ બોર્ડના એક આંગળીના વેઢા પર જ ગણી શાકાય તટેલા ટ્રસ્ટીઓ જ મહાસમિતિની આ બેઠકોની સંખ્યા પૂરી કરવા માટે સંબંધિતોને સમજાવવા અંગે પ્રયત્નો કરી રહ્યા છે તે જોતાં તેમજ અત્યાર સુધી આ રીતે જે જ્ઞાતિજનોને મહાસમિતિના સભ્યો બનવા તૈયાર કરાયા છે તેમની યાદી જોતાં, આ આગામી મહાસમિતિમાં કેટલાક નવા ચહેરાઓ હોવા છતાં પણ જેમને ટ્રસ્ટ બોર્ડના માધ્યમે સમગ્ર જ્ઞાતિ સ્તરે પોતાની નવી વિધારધારા અને અભિલાષો વ્યક્ત કરી તેને કાર્યાન્વિત કરવાની મુખ્ય કે ચાવીરૂપ ભૂમિકા ભજવવાની ઈચ્છા કે મનોરથ હોય તેવા કોઈ સભ્યો દેખાતા નથી એટલે આગામી  ટ્રસ્ટ બોર્ડમાં જુના જોગીઓ જ પાછા ફરશે તેવા સંકેતો મળી રહ્યા છે.

છેલ્લા ત્રણેક વર્ષ દરમ્યાન, મહાસમિતિ અને ટ્રસ્ટ બોર્ડે જ્ઞાતિ સંમેલન બોલાવવનો નિર્ણય લીધા પછી તે વખતના મુંબઈ મહાજનના અધિકારીઓ દ્વારા રાજકારણ ખેલાયું તેને કારણે યજમાન રાયપુર મહાજને પીછેહઠ કરી અને છેવટે સમસ્ત મહાજનનું ટ્રસ્ટ બોર્ડ પણ સંમેલન બોલાવવાનો પડકાર ઝીલી લેવામાં સરિયામ નિષ્ફળ રહ્યું, તે સઘળો ઘટનાક્રમ તાજો જ છે અને તેથી જ જ્ઞાતિના વિવિધ વિસ્તારોના મહાજનો અને ટ્રસ્ટોમાં અન્યોન્ય સાથે સંકલન જળવાઈ રહે તેવા મુખ્ય અને જ્ઞાતિ ઐક્ય માટે સબળ મંચ ઊભો કરી શકે તેવા આદર્શ અને વ્યવહારૂ ઉદ્દેશ્ય સાથે પચ્ચીસ વર્ષ પહેલાં રચાયેલ પરંતુ છેલ્લાં આઠેક વર્ષથી પુનર્જિવિત કરાયેલ આ કેન્દ્રીય મહાજનના અસ્તિત્વમાં હજી પણ જીવંત કરોડ રજ્જુની ખામી વર્તાય છે. આ પ્રતિમાને જડમૂળથી બદલીને દૂર-સુદૂર વસતા તમામે તમામ જ્ઞાતિજનો જ્ઞાતિના સર્વાંગી ઐક્યની વિચારધારા પરત્વે અભિમુખ કરતી એક સતત ધબકતી કેન્દ્રીય સંસ્થા તરીકે ઊભારવા માટે આ જુના જોગીઓ કે નવા-જુના ચહેરાઓ ધરાવતું જે ટ્રસ્ટ બોર્ડ બનશે તેના ટ્રસ્ટીઓ કેટલા કૃતનિશ્ચયી છે તે આવનાર થોડાક મહિનાઓમાં જ પ્રતીત થશે.

અલબત્ત, મહાસમિતિના નવનિર્વાચિત સભ્યો જ ટ્રસ્ટ બોર્ડનું ગઠન કરશે પરંતુ જે રીતે પ્રયત્નો થઈ રહ્યા છે તેનો આધાર લઈએ તો નવા ટ્રસ્ટ બોર્ડમાં પણ કોણ ટ્રસ્ટીઓ જોડાશે તેની નિશ્ચિતતા પણ અત્યાર સુધી જ આકાર લઈ રહી છે.

એ જે હોય તે, નવી મહાસમિતિ અને નવા ટ્રસ્ટબોર્ડમાં વર્તમાન સભ્યો અને ટ્રસ્ટીઓની જ બહુસંખ્ય ઉપસ્થિતિ હોવાની સંભાવના વધારે છે, તે દૃષ્ટિએ, 'સમસ્ત મહાજન' તેના બંધારણાનુસાર કોઈ ફંડ કે રકમ એકત્ર કરી શકે નહીં તે પ્રકારના છેલ્લા ચાર-પાંચ વર્ષથી વ્યક્ત થઈ રહેલા ક્ષતિયુક્ત પ્રચાર-અભિપ્રાય પુનરોચ્ચાર ન પામે તે વિષે ધ્યાન દોરવું અત્યારથી ખૂબ જ જરૂરી બને છે.

'સમસ્ત મહાજ'નના બંધારણમાં 'ટ્રસ્ટ બોર્ડની સત્તા'ના શીર્ષક હેઠળની વિવિધ ક્લમોમાં સ્પષ્ટપણે દર્શાવાયું છે તે પ્રમાણે (ટ્રસ્ટ બોર્ડ) જ્ઞાતિ સંમેલન, મહાસમિતિ કે ટ્રસ્ટ બોર્ડમાં પસાર થયેલ કોઈ પણ યોજના, પ્રકલ્પ (Project) અથવા કાર્યક્રમ માટે વધુમાં વધુ રૂા. ૧૦,૦૦૦૦ નો ખર્ચ કરી શકશે. જો આવા પ્રકલ્પ કે કાર્યક્રમ અંગેનો ખર્ચ રૂપિયા એક લાખથી વધારે હોય તો ખર્ચ અંગેની અગાઉથી મહાસમિતિની મુંજુરી મેળવવી પડશે.

જ્ઞાતિને લગતા કોઈપણ કાર્ય, જ્ઞાતિ સંમેલન, ટ્રસ્ટ બોર્ડ કે મહાસમિતિમાં પ્રસાર થયેલ ઠરાવોના અમલીકરણ તથા કાર્યાલયના વહીવટના ખર્ચ માટે ફંડ તથા નાણાકીય સાધનો ઊભા કરી શકશે.

જ્ઞાતિ સંમેલનમાં જાહેર થયેલા દાનો તથા ભેટો વસુલ કરવાની અને તેનો યોગ્ય વહીવટ કરવાની સત્તા ટ્રસ્ટ બોર્ડને રહેશે.

વધુમાં સંમેલનના રહેઠાણ યોજનાના ઠરાવ નં પમાં જણાવાયું છે કે સમસ્ત મહાજન જરૂરતમંદોને રહેઠાણાની કિંમતના ૧૦% જેટલી રકમનું ઋણ આપવા ખાસ ભંડોળ ઊભું કરવાનું ઠરાવે છે.

આટલી સ્પષ્ટતા છતાં સમસ્ત મહાજન જો આ કે તે મહાજનના ક્ષેત્રમાંથી ભંડોળ એકઠા કરી શકે કે કેમ ? અને જો કરે તો એ મહાજનોને કેવું લાગશે ? એવા કલ્પિત વિચારોમાં અટવાયેલા રહી ભંડોળ એકઠા ન કરવા અને ભંડોળ નથી એટલે અમે માત્ર ખાસ હિતેચ્છુઓના સદભાવથી મળેલ રકમમાંથી કેલેંડર છાપવા જેવા પ્રતીકાત્મક કામો જ કરી શકીએ તેમ છીએ એવી મર્યાદા બાંધવી કેટલી હદે ઉચિત ગણાય ?

સમસ્તની નેતાગીરીની પ્રતીકાત્મક પ્રવૃતિઓ જ થઈ શકે છે એવી માનસિકતાના સંદર્ભમાં સંસ્થાના બંધારણમાંના ઉદેશ્યના ચાર મુદા તપાસીએ તો સાર નીકળે છે કે સમસ્ત મહાજને જ્ઞાતિની અન્ય કોઈ સંસ્થા કરતી હોય તેનું પુનરાવર્તન કરવાનું ટાળી, જ્ઞાતિની સર્વાંગિક પ્રગતિ એટલે કે સામાજિક, ધાર્મિક, આર્થિક, શૈક્ષણિક, રાજકીય, નૈતિક, આવાસ, ખેલકુદ, રોજગાર તથા આરોગ્ય ક્ષેત્રે પ્રગતિ માટે સર્વ દિશીય કલ્યાણ અને વિકાસના કાર્યો કરવાના છે. એટલું જ નહીં એ બાબત અન્ય સંસ્થાઓને માર્ગદર્શન પુરું પાડવાનું તથા તેમને તેમના કામમાં સહાયભૂત થવાનું છે.

આશા રાખીએ કે સમસ્ત મહાજનના ઔચિત્ય સામે જ પ્રશ્નાર્થ મૂકાઈ ગયો છે એવા સંજોગોમાં ૧લી એપ્રિલથી તેનું સુકાન સંભાળનારા પ્રતિકાત્મક પ્રવૃતિ જ કરવાની માનસિકતા છોડી અનંત આકાશ માપવાનો સંકલ્પ પોતાની સામે રાખશે.


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**“C D O Prakash Samiksha Samiti”** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


## શ્રી મોડપર સુપાર્શ્વનાથ જૈન તીર્થ પ્રતિષ્ઠા સ્મૃતિ ગ્રંથ

સૂરીગુણસિંધુ પટ્ટાલંકાર શ્રી મોડપર તીર્થ પુન પ્રતિષ્ઠાપક પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય મુનિ શ્રી હેમચન્દ્રસાગરજી મ.સા. દ્વારા સંપાદિત ૪૦૦ વર્ષ પ્રાચિન શ્રી સુપાર્શ્વનાથ પુન પ્રતિષ્ઠા (સં. ૨૦૭૦) પ્રતિષ્ઠા સંબંધી ફોટા સહ વિશેષ માહિતી સભર સ્મૃતિ ગ્રંથ વિમોચન કાર્યક્રમ નાલાસોપારા (ઈસ્ટ) મધે સંઘની ઉપસ્થિતિમાં થયો.




તે ગ્રંથ દરેક પ્રતિષ્ઠાકારક (લાખેણા દાતા) મહોત્સવ દાતાઓના પરિવાર દીઠ ૧ ગ્રંથ ભેટ અપાશે તેઓને ઘાટકોપર (ઈસ્ટ) કાર્યાલયેથી મેળવી લેવા તેમજ અન્ય કોઈને આપવા અથવા જોઈએ તો તેમને રૂા. ૧૦૦ અંકે સૌ રૂપિયા ભરી મેળવી લેવા વિનંતી કરવામાં આવી છે.

શ્રી મોડપર સુપાર્શ્વનાથ જૈન તીર્થના વહિવટકારો દ્વારા સ્મૃતિ ગ્રંથના સંપુર્ણ સૌજન્ય લાભાર્થી માતુશ્રી વિજયાબેન ડુંગરશી લાપશીયા તથા શ્રીમતી પ્રજ્ઞાબેન દિલીપ લાપસીયા, દલતુંગી - મુલુન્ડ, મુંબઈ પરિવારની અનુમોદના કરવામાં આવી છે.



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

**પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઇચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.**

શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.

### છઠ્ઠી અક્ષત પૂજા

**પ્રશ્ન - પ્રભુજીની અક્ષત પૂજા શા માટે અને કેવી રીતે કરવાની છે ?**

**ઉત્તર -** અનાદિ કાળથી અજ્ઞાનવશ આ જીવ દેવ-મનુષ્ય તિર્યંચ અને નરક ગતિમાં ભટકી રહ્યો છે. જ્ઞાન અને સમજણ પ્રાપ્ત થતાં આ જીવ હવે એમાંથી બહાર નિકળવા પરમાત્મા પાસે પ્રાર્થના કરે છે. ચાર ગતિમય સંસારમાં ભટકી રહ્યો છું. તે જણાવવા સ્વસ્તિક બનાવે. પછી પરમાત્માને પ્રાર્થના કરે છે કે મારા ઉપર કૃપા વરસાવી આપ મને સમ્યક દર્શન - જ્ઞાન - ચારિત્ર આપો જેથી એની આરાધના કરી સર્વ ગતિ અને કર્મથી મુક્ત થઈ સિધ્દશીલાનો વાસી બનું. એ માટે પ્રભુ સમક્ષ પાટલા ઉપર પ્રથમ સ્વસ્તિક (તર્જનીથી) પછી ત્રણ ઢગલી અને અંતે અંગૂઠાથી સિધ્ધશીલા બનાવે છે. સ્વાસ્તિકના પ્રતિકમાં સંપૂર્ણ મોક્ષમાર્ગ સમાયેલો છે. જેમ જેમ એનું ચિંતન કરીએ તેમ તેમ અંતરમાં સવિશેષ સમજણ અને પ્રકાશ પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન - સ્વસ્તિક અક્ષતથી જ થાય કે બીજા અનાજથી થઈ શકે ?**

**ઉત્તર -** સ્વસ્તિક અક્ષતથી જ કરાય એમાં બીજું ધાન્ય ન ચાલે. અક્ષત વાવ્યા છતાં ઉગતા નથી. બીજા ધાન્ય ઘઉં, બાજરો, જુવાર, મગ વિગેરે આખું ધાન્ય હોવાથી એ વાવ્યાથી ઉગે છે. આપણે હવે ફરી ફરીને સંસારમાં ટાળવા એટલેજ જનમવું નથી... તેથી ચાર ગતિમય સંસારમાં જન્મ મરણને ટાળવા ચોખાનોજ સાથીયો કરવાનો છે. ચોખા ચોક્ખા છે... શુધ્દ છે... ઉજ્વલ છે. એના દ્વારા કરાયેલી પૂજા આત્માને ચોક્ખો.. શુધ્ધ અને ઉજ્વલ બનાવે છે. ચોખા જ્યારે સારરૂપે હોય છે ત્યારે એમના ઉપર ફોતરૂં હોય છે. ફોતરું હોય તો વાવવાથી ઉગે... ફોતરું નીકળી જાય એટલે એની ઉગવાની શક્તિ વિનાશ પામી જાય. આત્મા પણ ત્યાં સુધીજ જન્મ મરણ કરે જ્યાં સુધી એના ઉપર કાર્મણ શરીરનું (કર્મનું) ફોતરું છે. જો આ કર્મનું ફોતરું નિકળી જાય તો આત્મા અજન્મા બની જાય છે. જન્મ-મરણ કરવાની એની શક્તિ નાશ પામી જાય છે. આત્મા આયુષ્ય કર્મ પૂર્ણ થતાંજ સિધ્ધ-બુધ્ધ થઈને સિધ્દશીલા ઉપર બિરાજમાન થાય છે. આ સંપૂર્ણ પ્રક્રિયાને સમજવા અને સમજાવવા છઠ્ઠી અક્ષત પૂજા અક્ષતથીજ કરવાની છે.

પૂર્વમાં રાજા - શેઠાદિ રજત સૂવર્ણના અક્ષત એવં જવલાથી પ્રભુજી સમક્ષ સ્વસ્તિક કરતા હતા એવા દાખલાઓ છે.

### ગુરુમુર્તિ પૂજા

**પ્રશ્ન - ગુરુમુર્તિની નવાંગી પૂજા થઈ શકે ?**

**ઉત્તર -** ગુરુમુર્તિ કેવી આકૃતિ ધરાવે છે એના આધારે એની પૂજા નક્કી કરી શકાય છે. ગુરુમુર્તિ જો સિધ્ધ પ્રતિમા (ભગવાનની જેમ પદ્માસને) રૂપે બિરાજમાન હોય તો એની નવાંગી પૂજા કરી શકાય છે. દા.ત. સિધ્ધાચલ તીર્થે દાદાની સામે દાદાના ગણધર શ્રી પુંડરીક સ્વામી સિધ્ધ પ્રતિમારૂપે છે. એમની નવાંગી પૂજા થઈ શકે છે. અન્ય ગુરુમુદ્રામાં સ્થાપિત ગુરુમુર્તિનો નવાંગી પૂજા ન થાય.

**પ્રશ્ન - અન્ય ગુરુમુદ્રાઓ કેવા કેવા પ્રકારે હોય છે ?**

### સુધારો

'પ્રકાશ સમીક્ષાના અંક ક્ર. ૧ (તા. ૧૮ જાન્યુઆરી ૨૦૧૬ થી ૨૪ જાન્યુઆરી ૨૦૧૬નો અંક)માં અમારી બેંક- અરિહંત કો.ઑપરેટીવ બેંક લિ.ની જાહેરાત પ્રસિધ્ધ થઈ છે તેમાં નીચે મુજબ સુધારો કરવામાં આવ્યા છે.

''ડીડીઆર-બેલાપુરે જણાવ્યા અનુસાર જનરલ કેટેગરી માટે રૂા. ૫૦,૦૦૦/- ડીપોઝીટ અને જનરલ સિવાયની કેટેગરી (એટલે ૩ સિરીયલ નં. ૨ થી ૫ કેટેગરી) માટે રૂા. ૨૫૦૦૦/-ની ડીપોઝીટ નોમીનેશન ફોર્મ ફાઈલ કરતી વખતે અથવા તે પહેલાં ભરવી જરૂરી છે.''


કલા - કસબ અને કલરનો
અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574
રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976

# Require Insurance Channel Partner

## ધનવાન બનો

**આપના ઘરેથી અથવા કામની જગ્યાએથી કામ કરી**
**મેડીક્લેમ, પર્સનલ એક્સીડંટ, કાર, ટ્રક, કોમર્શીયલ વેહીકલના**
**Fire Worker વિમા સમજણપૂર્વક, વધુ ફાયદા અને**
**સૌથી ઓછા પ્રીમીયમ પર ગ્રાહકોને અપાવી ફાયદો પહોંચાડીને**
**આપ માસિક રૂા. ૩૦,૦૦૦/- થી રૂા. ૧,૦૦,૦૦૦/- ની**
**આવક પ્રાપ્ત કરી શકો છો.**

**-: સંપર્ક :-**

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

An ISO 9001 : 2008 Cert. Company



MDRT

ISO 9001:2008
INSURANCE SERVICES
CERTIFIED COMPANY
You're safe in our hands.

# BIPIN NAGDA

**INDIA'S LEADING LIC AGENT IN INSURANCE SINCE 38 YEAR**
**EVERYTHING IN INSURANCE**

Office : 682, Ajanta Compound, Bhiwandi - 421 302.
Tel.: 02522 - 231411 / 225666 / 254011 / 231692 / 232190
Mob : 93235 25000 / 93204 37333
E-mail : bipinpnagda@gmail.com | www.bipinnagda.com
Time : 8.00 to 8.00 • Sat.: 8.00 to 1.00

ઉત્તર – ગુરુમુદ્રાઓ ત્રણ પ્રકારે હોય છે.

૧) આચાર્ય મુદ્રા : આચાર્ય મુદ્રાને પ્રવચન મુદ્રા કહેવાય છે. તે આ પ્રમાણે છે – અંગુઠા ઉપર તર્જની રાખી ત્રણ આંગળી નાગફણા આકારે રાખે છે. તે આચાર્યમુદ્રા છે.

૨) ઉપાધ્યાય મુદ્રા – ઉપાધ્યાય મુદ્રાને અનુયોગમુદ્રા પણ કહેવાય છે તે આ પ્રમાણે છે – વ્યાખ્યાનની જેમ મોઢે મુહપત્તિ હોય અને બીજા હાથમાં પાટલી હોય છે. તે ઉપાધ્યાય મુદ્રા છે.

૩) સાધુ મુદ્રા – સાધુ મુદ્રાને સ્વાધ્યાય મુદ્રા પણ કહેવાય છે. તે આ પ્રમાણે છે – જમણા હાથે અધખુલી મુઠ્ઠી પર નવકારવાળી રાખી અંગુઠાથી મણકા ફેરવવા તે સાધુ મુદ્રા છે.

આ ત્રણે ગુરુમુદ્રાઓ છે. એવા ગુરુ મુર્તિઓની નવાંગે પૂજા ન થાય.

**પ્રશ્ન – જો ઉપરોક્ત ગુરુ મુર્તિઓની નવાંગી પૂજા ન થાય તો તેમની પૂજા કેવી રીતે કરાય છે ?**

ઉત્તર – ઉપરોક્ત ત્રણે પ્રકારની ગુરુમુર્તિઓની પૂજા કેવળ જમણા પગના અંગુઠે ચંદનનું તિલક કરવાથી અથવા ગુરુપૂજનની જેમ વાસક્ષેપથી પૂજન એક જ અંગે થાય છે.

**પ્રશ્ન – વર્તમાન આચાર્ય ભગવંતની મૂર્તિ સિદ્દ પ્રતિમા રૂપે (ભગવાન જેવી) સ્થાપી શકાય ?**

ઉત્તર – ના વર્તમાન આચાર્ય ભગવંતની મૂર્તિ ગુરુમુદ્રાએ જ સ્થાપી શકાય. મોક્ષે ગયેલા વિશિષ્ટ ગણધરાદિ ભગવંતની જ મુર્તિ સિદ્ધ પ્રતિમા રૂપે સ્થાપી શકાય છે.

## વતનના વહેણ : લોડાઈ પાસેથી ડાયનાસોરના અવશેષ મળ્યા



કચ્છમાં મળતો લિગ્નાઈટનો જથ્થો, ધોળાવીરામાં મુકાયેલું ૧૯ કરોડ વર્ષ પુરાણું વૃક્ષનું ફોસિલ્સ, ધોળાવીરા ખાતે જ મળી આવેલા હડપ્પન સંસ્કૃતિના અવશેષો ગાઈ-વગાડીને કહે છે કે કચ્છની ભૂમિ કોઈ સામાન્ય ધરતી નથી પણ માનવીય સંસ્કૃતિ, સભ્યતાના જન્મ સાથે સંકળાયેલી ભૂમિ છે.

કચ્છ યુનિવર્સિટીના એક અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીએ જર્મનીના એક તજજ્ઞ સાથે કરલી ઝીણવટભરી શોધને આ વૈશ્વિક સ્તરે જેની નોંધ લેવાય એ વિશાળ ડાયનાસોરના અશ્મિ અપાવ્યા છે.

કચ્છ યુનિવર્સિટીની ટીમે આખે આખા વિશ્વમાં અતીતની શોધ કરનારાઓએ નોતરું આપે તેવી શોધ કરી લીધી છે. મહત્વની વાત એ આ શોધમાં યુનિવર્સિટી અને મૂળ કચ્છના જ કુકમા ગામના ગૌરવ ચૌહાણ નામક પીએચ.ડી.ના એક યુવાનનું નામ પણ ગૌરવભેર સામેલ છે... અને હા, કચ્છ યુનિ.ના ભૂસ્તરશાસ્ત્રના વડા ડૉ. મહેશ ઠક્કરનાં માર્ગદર્શન તળે આ યુવાન પી.એચ.ડી. કરતો હોવાથી તેમને પણ આ યશના ભાગીદાર ગણી શકાય.

૨૦૦૮માં કચ્છમાં મેડીસર પાસે કથરોલના પહાડમાંથી ૧.૬૦ કરોડ વર્ષ જૂનું ફાઈલોસિરામ અશ્મિ શોધનારા જર્મનીની એરલાંગન યુનિવર્સિટીના પ્રોફેસર ફ્રાન્સ ટી. જ્યુરિસના જ દેઈ જર્મનીના પ્રોફેસર ફ્રાન્સ કુસીઝ તથા રાજસ્થાન (જયપુર) યુનિ.ના. પ્રોફેસર ડી. કે પાન્ડે અને જ્યોત્સના રાય નામક ભૂસ્તરશાસ્ત્રીઓએ કચ્છમાં લોડાઈ નજીક કાસ ડુંગર પર સંશોધન દરમ્યાન કચ્છી યુવાન ગૌરવ ચૌહાણ સાથે ડાયનાસોરના અવશેષ અશ્મિ તરીકે મેળવ્યા છે. આ શોધે આજે તેમને રોમાંચિત કર્યો છે પણ આવતીકાલે વિશ્વને અંચબિત કરશે.

૨૦૦૮માં જે જીવાશ્મિ શોધાયું તે ડાયનાસોરના સમકાલીન ફાઈલોસિરાસ તરીકે ઓળખાતા એમોનાઈડસના હતા, જે સૂચવે છે કે કચ્છ ડાયનાસોર માટે આદર્શ જંગલો ધરાવતું હતું અને તેથી જ આજે એ જંગલોની નિશાનીરૂપ લિગ્નાઈટના જથ્થા મળી રહ્યા છે.

કચ્છ યુનિ.ના ભૂસ્તરશાસ્ત્ર વિભાગને ગૌરવ અપાવે તેવી આ શોધ થકી અઢી દાયકા પહેલાં જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાના એક વિજ્ઞાની ઝેડ. આર. ગેવરિયાએ અંજાર નજીક શોધેલા વિશ્વભરમાં એકમાત્ર મનાયેલા ડાયનાસોરના પૂર્ણ ફોસિલ્સની યાદ તાજી થઈ છે.

કચ્છમાં વીતેલા ૫૦-૫૦ વર્ષથી ભૂસ્તરીય સંશોધન કરી રહેલા ઓ.એન.જી.સી.ના પૂર્વ ડાયરેક્ટર ડૉ. એસ. કે. વિશ્વાસ, ડૉ. શ્રૃંગારપુરે, ડૉ. દેશપાંડે, બી.એચ.યુ.નો આખેઆખો ભૂસ્તરશાસ્ત્ર વિભાગ, વખતોવખતના સંશોધન માટે આવતા અમેરિકાના ભૂ-વિજ્ઞાનીઓ સૌ કોઈ કહે છે કે, કચ્છમાં છે એ વિશ્વમાં ક્યાંયે નથી અને તેથી જ કચ્છમાં 'જીઓ પાર્ક' થાય એ દિશામાં પણ પ્રયાસ થઈ રહ્યા છે. ઔદ્યોગિકીકરણની હવામાં કરોડો વર્ષ પહેલાંનો અતીત ખંડિત કે ખતમ ન થાય એ જોવાની જવાબદારી હવે કચ્છ તથા કચ્છહિતમાં વિચારનારાઓની છે.


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No. 11-0404

**રાજ લક્ષ્મી આરોગ્ય ધામ – પંચગીની**

**સંપર્ક :** 08879677709

# સાંયરા વિકાસ મંડળ આયોજીત ૧૯મું સ્નેહમિલન




સાંયરા વિકાસ મંડળ દ્વારા આયોજીત ૧૯મું સ્નેહમિલન તા. ૭/૨/૨૦૧૬ના સત્યધામ વિદ્યાપીઠ મુલુંડના એ.સી. હૉલમાં યોજાયું હતું. ૪૦૦ ઉપરાંત સાંયરાવાસીઓને બહોળી હાજરીમાં હર્ષોઉલ્લાસ સાથે સ્નેહમિલનનો રંગારંગ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો.

શ્રી તિલકચંદ લોડાયા ને  પ્રથમ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન પ.પૂ.સા.શ્રી વિમલગુણાશ્રીજી મ.સા. દ્વારા આર્શીવચન અને માંગલિક. ત્યારબાદ પ્રમુખશ્રી ભદ્રેશ પટેલ સાંયરાવાસીઓનું સ્વાગત કરતા કરેલું સંબોધન. સાંયરા વિકાસ મંડળે ગત વર્ષ કરેલા કામોનું તથા એમાં થયેલ ખર્ચનું વિવરણ.

શ્રી તિલકચંદ લોડાયા ને 'સાંયરા રત્ન'ના સર્વોચ્ચ ખિતાબથી નવાજવામાં આવેલ. I.R.S.માં નાના પાયે શરૂઆત કરીને સિક્કીમ તેમજ પ. બંગાલના I.T. કમિશરના ઉચ્ચ હોદા સુધી કાર્યરત રહી જ્ઞાતિ, સમાજ અને સાંયરા ગામનું નામ રોશન કરીને જ્ઞાતિના શૈક્ષણિક તથા સામાજિક ક્ષેત્રે તેમેણે જે અનેરું યોગદાન આપ્યું છે. પ્રથમ ક.દ.ઓ. ગ્લોબલ સમિટનું બેંગલોર ખાતે થયેલ આયોજનના તેઓ સ્વપ્ન શીલ્પી હતા. એમણે પોતાના વક્તવ્યમાં હું જ્ઞાતિ માટે શું કરી શકું, કેવી રીતે પછાત જ્ઞાતિજનોનો ઉધ્ધાર થાય, જ્ઞાતિના શૈક્ષણિક અને તબીબી સહાય માટે એમણે પોતાના ભવિષ્ય માટેના યોજનાઓનો સંક્ષિપ્તમાં ઉલ્લેખ કર્યો અને અનુરોધ કર્યો કે દરેક ગામવાસી આમાં જોડાય અને જ્ઞાતિ ઉત્થાનમાં પોતાનું યોગદાન આપે.

સાંયરા ગામ ખાતે અભૂતપૂર્વ અને અવિસ્મરણીય ચાર્તુમાસના દાતા માતુશ્રી લક્ષ્મીબેન કુંવરજી લોડાયા હસ્તે માતુશ્રી પ્રેમીલાબેન પદમશી લોડાયા પરિવારનું બહુમાન કરવામાં આવેલ. સાંયરા ગામના ઈતિહાસમાં પ્રથમ વખત એકજ પરિવાર દ્વારા ચાર્તુમાસ કરાવવામાં આવ્યું છે. આ ચાર્તુમાસ જે રીતે મનાવવામાં આવ્યું એ સાંયરાના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

સ્નેહમિલનના પ્રિતિ ભોજનના દાતા માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા તથા તેમના સુપુત્રોનું બહુમાન, સાંસ્કૃતિક કાર્યક્રમના દાતા માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ પરિવાર અને એમના સુપુત્રો, વિદ્યાર્થીઓ, તપસ્વીઓ, સાંયરા રત્ન તેમજ અન્ય પોરિતોષિક વિતરણના દાતા શ્રીમતી ચેતનાબેન બીપીનભાઈ મોમાયા, સ્નેહમિલનના અન્ય દાતાઓની પણ અનુમોદના કરવામાં આવી. વિદ્યાર્થીઓનું બહુમાન, સન્માન, પૂર્ણાહુતી. શ્રીમતી રાજુલ પટેલે સભાનું સંચાલન કર્યું હતું.

શ્રીમતી આશા ભિમાણી સાથે મ્યુઝીકલ હાઊજીની રમત ધમાકેદાર ઑર્કેસ્ટ્રા તેમજ ગાયકો દ્વારા રમઝટ આ સ્નેહમિલનનું સૌથી મોટું નઝરાણું બની રહ્યું. ભોવતા ભોજનનો રસથાળ 'આવકાર કેટરર્સ' ના ગીરીશભાઈએ ખુબજ પ્રેમથી પીરસ્યો હતો. દરેક સાંયરાવીસીઓએ સભા, સાંસ્કૃતિક કાર્યક્રમ અને ભોજનને ભરપેટ માણી આનંદની ઉજવણી કરી હતી.

સ્નેહમિલનમાં હાજર રહેવા બદલ સાંયરા વિકાસ મંડળ દરેક સાંયરાવાસીઓનો આભાર માને છે. સ્નેહમિલનના દરેક દાતાઓનો પણ ખરા દિલથી આભાર માને છે. સ્નેહમિલનના આયોજનમાં સાંયરા યુથ ફોરમ, સાંયરા સહિયર નો તેમણે આપેલા યોગદાન માટે આભાર માને છે.

આ સ્નેહમિલનમાં આગામી ૯,૧૦,૧૧ માર્ચના સાંયરાગામ ખાતે યોજનાર ધ્વજા મહોત્સવના ચડાવા, ધાર્મિક સમિતિના સભ્યો તથા ઉત્તમ ખેતશી મોમાયા એ પોતાની આગવી શૈલીમાં કર્યા હતા. શિક્ષણ માટે અપાતી સહાય વિશે ટુંકમાં પ્રમુખશ્રી ભદ્રેશ પટેલે ટુંકમાં વિવરણ અને આજની સર્વથી મોટી જરૂરીયાત શિક્ષણ માટે પોતાના તરફથી ફાળો નોંધાવવા દરેક સાંયરાવાસીઓને વિનંતી કરી હતી. એમાં ખૂબજ ઉત્સાહભેર ફાળો નોંધાવવામાં આવ્યો હતો. ઉપપ્રમુખ શ્રી મણીકાંતભાઈએ આભાર વિધી કરી હતી.

સ્નેહમિલન દરમ્યાન બહારગામથી પધારેલ સાંયરાવાસીઓની હાજરીની પણ ખાસ નોંધ લેવામાં આવી હતી. બીજા ખાસ આમંત્રિત મહેમાનોએ પણ સ્નેહમિલનમાં હાજરી આપી એની શોભા વધારી હતી.

**સાંયરા વિકાસ મંડળ વતી –** સેક્રેટરી – **કિર્તી ખોના**

## પ્રકાશ સમીક્ષા અંક નં. ૫ માં ચર્ચાને ચોતરે કોલમમાં છપાયેલ કચ્છ એકમ વિશેના લખાણ અંગે ખુલાસો

પ્રકાશ સમીક્ષા અંક નં. ૫ તા. ૦૧ થી ૦૭ જાન્યુઆરી ૨૦૧૬ના અંકમાં ચર્ચાને ચોતરે કોલમમાં કચ્છ એકમમાં ગાંધીધામ વિસ્તારને વધારે પડતું પ્રતિનિધિત્વ મથાડા નીચે છપાયેલ શ્રી શામજી છેડાના લખાણથી ફલીત થાય છે કે લેખકે સ્થાનિકે સંસ્થાના કોઈ પણ પ્રતિનિધીથી માહિતી મેળવ્યા વગર અને પાતાને બુદ્ધિજીવી સમજતા કોઈ પણ જ્ઞાતિજનો જ્ઞાતિમાં વર્ગવિગ્રહ ફેલાવવા માટેજ આ લેખ લખ્યો છે જે નીચે જણાવેલ ખુલાસાથી સ્પષ્ટ સમજાય છે.




આપણી બંને જ્ઞાતિના વડીલો/અગ્રણીઓ અને બુદ્ધિજીવીના સમજદારી પૂર્વકના પ્રયાસોથી બંને જ્ઞાતિનું વિલીનીકરણ થઈ ગયેલ છે અને હવે આપણે બધા જ્યારે ક.દ.ઓસવાલ તરીકે ઓળખાઈએ છીએ અને કોઈ પણ સંસ્થામાં જેના આપણે સભ્ય હોઈએ ત્યાં આપણને બધાને સમાન અધીકાર છે ત્યારે નાની ન્યાતના અલગ પ્રતિનિધિત્વ કે એકના બદલે બે સભ્યો નો પ્રશ્ન જ રહેતો નથી આ પ્રકારના લેખો થી સમાજમાં વર્ગવિગ્રહ ફેલાવવા નો લેખકશ્રી એ પ્રયાસ કરેલ છે એને જ્ઞાતિ ક્યારે પણ સફળ થવા દેશે નહી. કચ્છ એકમ એ એક જવાબદાર સંસ્થા છે. જ્યારે બંને જ્ઞાતિ અસ્તિત્વમાં હતી ત્યારે પણ કચ્છ એકમ હંમેશા કોઈ પણ જાતના ભેદભાવ વગર સમભાવથી પોતાની જવાબદારી નિભાવતું આવ્યું છે એનાથી કદાચ લેખક અજાણ લાગે છે.

કચ્છ એકમ એ સમગ્ર કચ્છ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા છે એમાં કોઈ પણ વિસ્તારને અલગ અલગ પ્રતિનિધત્વ આપવાની પ્રણાલિકા નથી. દરેક પ્રતિનિધિ સમગ્ર કચ્છ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે એ રીતે પણ લેખકે કચ્છમાં જ્ઞાતિના શાંતિ અને સુમેળ ભર્યા માહોલમાં પથરો નાખી એને ડહોળવાનો પ્રયત્ન કરેલ છે.

અમને આશા છે કે ઉપરોક્ત ખુલાસાથી લેખકશ્રી ને એણે કરેલા સવાલો/આક્ષપોનો સંતોષકારક જવાબ મળીજ ગયો હશે છતાં પણ કોઈ માહિતી જોઈતી હોય તો રૂબરૂ સંપર્ક કરી મેળવી શકે છે.

– **મહેશ લાલકા** – પ્રમુખ – લહેરચંદ ખોના,મા. મંત્રી

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કચ્છ એકમ**

નોંધ : પ્રુફ રીડીંગની ભૂલોનો મૂળ પત્રના લેખાક સાથે સંબંધ ન હોઈ તેવા ઉલ્લેખ દૂર કર્યા છે.

## ક.દ.ઓ. જૈન જ્ઞાતિ આ અધુરું નામ શા માટે ?

આપણે કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના સ્પષ્ટ નીચે ઓળ ખાતા હોવા છતાં. પણ લખવા કે બોલવામાં ફક્ત સાડા પાંચ અક્ષરોનો લોભ કરી. ક.દ.ઓ. કે કેડીઓ કરી નાતની ગરીમાને કેસ પહોંચાડતા હોઈએ તેવું નીચેના દૃષ્ટાંતોથી સાબીત થાય છે.

૧) મૃત્યુ ખબરમાં પણ જૈન મરણ કોલમમાં લગભગ ક.દ.ઓ લખીએ છીએ. પુરૂં નામ શા માટે નહીં ? ૨) આપણાં મુખપત્ર અઠવાડીક પ્રકાશ સમીક્ષામાં પણ ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા હોય છે. ૩) ભાંડુપમાં પણ જ્ઞાતિશી રોમણી શેઠશ્રી નરશી નાથા સભાગૃહમાં તેમજ બહાર પણ ક.દ.ઓ. જ્ઞાતિ. એમ ટુંકાણ લખાણ ! ૪) વરસો જુની માતબર સંસ્થા વિદ્યાર્થી સંઘના નામ આગળ પણ ક.દ.ઓ. લખાણ ! ૫) લગભગ મહાજનશ્રીઓ પણ દા. તરીકે શ્રી ક.દ.ઓ. લાલા મહાજન લખતા હોય છે. ૬) ઘણાં ખરા મંડળો પણ ઉપરોક્ત લખાણ કરતા હોય છે. ૭) આપણી જેમ કચ્છી વીશા ઓશવાલ જ્ઞાતિમાં પણ આ રફામ પડી ગઈ છે.

અન્ય જૈન જ્ઞાતિઓમાં પણ લાંબા નામ હોવા છતાં પણ મૃત્યુ ખબરમાં નામ પુરેપુર હોય છે. જેમ કે કચ્છ વાગડ સાત ચોવીસી, ધોધારી વિશા શ્રીમાળી જૈન ટુંકાવીને નહીં.

જૈનોની નાતના નામના પ્રચાર–પસાર માટે જૈનો માટે તીર્થોમાં પાલીતાણાં શહેર છે. પણ નાત નામની ગરીમા માટે આપણી બંને ૫ ધર્મશાળાના બોર્ડ કે ભીંત ઉપર નાતના નામનો ઉપયોગ થયો નથી અન્ય જૈનો કે જૈને તરીને કેમ ખબર પડે ?

મારૂં સૂચન છે કે આપણી જ્ઞાતિ સાથે અન્ય પ્રચાર પસારના માધ્યમોમાં આપણી જ્ઞાતિ ''શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન'' ના નામનો પુરેપૂરો ઉપયોગ કરવાના આગ્રહી થઈએ. ટૂંકા નામના નહીં. દા.ત. દામજી ને ''દાયી'' વિશનજી ને ''વેશીઓ'' વેલજી ને 'વેલો'' કહેશું તો ગમે છે ? નાત નામનું ગૌરવ હોવું જ ઘટે. હર મહાજનશ્રી પહેલ કરે. હર જ્ઞાતિજન જાગૃત બને.

પાલીતાણામાં સંખ્યાબંધ જૈન ધર્મશાળાઓમાં પૂરેપૂરા નામના અસંખ્ય ઉલ્લેખ છે. છોડીને આપણે. નામ ઉચ્ચારણે 'કેડીઓ' કહીએ તે પણ ઠીક પણ આ ક.દ.ઓ. લખવાન આપણે રશમ બનાવી દીધી છે.

– **લહેરચંદ વેલજી મૈશેરી,** ભાંડુપ

### અભિનંદન – આભાર

પ્રકાશ સમીક્ષાના અંક નં. ૪માં પ્રગટ થયેલ 'જિંદગીમાં ઘણી અપૂર્ણતાઓ છે' વાળો આર્ટીકલ ખરેખર હૃદયસ્પર્શી રહ્યો. લેખકને અભિનંદન. જીવન સંગીનીની અથક મહેનતને તેમજ દરેક માનવની જેમ પોતે પણ સંપૂર્ણ નથી, એ વાતને નિખાલસતાપૂર્વક સ્વીકારી. જિંદગી કેમ જીવવી અને જીતવી એનાં સચોટ રાહ બનાવ્યો. ખરેખર આવા માનનીય લેખો અવાર નવાર પ્રગટ થતા રહે એ ઈચ્છનીય છે.

– **દિનેશ રતનશી શાહ,** મોટી સિંધોડી – મલાડ


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર – જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

અવસર સારીઝ

* સાચી/ટિસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676



સ્થાપના વર્ષ : ૧૯૮૧ રજીસ્ટ્રેશન નં. ઇ- ૪૭૨ (જામનગર)

**SHRI KUTCHI DASHA OSWAL JAIN ABHUDAYA TRUST**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ**

**સંચાલિત માતુશ્રી મોંઘીમાં નાગશી જીવરાજ દેવાણી કન્યા છાત્રાલય જામનગર**



**Kanya Chhatralaya :** Kamdar Colony, Road No. 3, Shery No. 3, Arodrom Road, Jamnagar (Gujrat State) - 361006. Tel.: (0288) 2713770

**Mumbai Off.:** C/o. Khushbu Dyechem Pvt. Ltd., Gala No. 99, New Unique Ind. Est., R. P. Road, Mulund (W), Mumbai - 80. Tel.: 2593 9696


# એક ઐતિહાસિક અવિસ્મરણીય દિવસ



જય જીનેન્દ્ર,

શ્રી ક. દ. ઓ. જૈન અભ્યુદય ટ્રસ્ટ દ્વારા સંચાલિત માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય દ્વારા આ વર્ષે મુંબઇમાં કાર્યક્રમ યોજવાનું નક્કી થયું. દિકરીઓ અને સંચાલકોએ તૈયારી કરી અને તા. ૨૩/૧/૨૦૧૬ ના રોજ ઝવેરબેન પોપટલાલ સભાગૃહ, ઘાટકોપર ખાતે છાત્રાલયની દિકરીઓ દ્વારા **''આખુ આકાશ મારી આખોંમાં''** તેમજ **''ચંદનબાળા''** નૃત્યનાટીકાની રજુઆત કરવામાં આવી.

આપણે સૌ જેની ખુબ આતુરતાથી રાહ જોતા હતા એ કાર્યક્રમની શરૂઆત સમારંભ પ્રમુખ, અતિથી વિશેષો અને ટ્રસ્ટીઓ દ્વારા દિપ પ્રાગટ્યથી કરવામાં આવેલ અને નાટકની શરૂઆત કરવામાં આવી. ખાણમાંથી હિરા નીકળે ત્યારે તે પત્થર જ હોય છે, જ્યારે જાણકાર કારીગર તેને પાસા પાડે છે ઘાટ આપે છે ત્યારે જ તે અમુલ્ય હીરો બને છે, આ વાત આપણી દિકરીઓ ફરી એક વાર સાબીત કરી આપી. શ્રી પિયુષ ભટ્ટે લખેલી નાટીકા તેમજ ગીતો અને ભરતનાટ્યમમાં પારંગત કુ. ઇશા જોશીની દોરવણી અને મહેનત, ખાસ નાટક માટે જે તૈયાર કરેલા નૃત્ય ગીતો, મંચ સજાવટ અને વેશ પરિધાનથી આપણી દિકરીઓએ એક જાનદાર નૃત્યનાટિકાની રજુઆત કરી કે આપણે વિશ્વાસજ ન આવે કે આ બધી દિકરીઓ પહેલી વખતજ સ્ટેજ ઉપર નાટક ભજવી રહી છે અને સંપૂર્ણ કાર્યક્રમ દરમ્યાન પધારેલા જ્ઞાતિજનો મંત્રમુગ્ધ બની રહ્યા. સ્કુલ, ક્લાસિસ, અભ્યાસ વગેરેની સાથે સાથે દિકરીઓએ પ્રેક્ટીસ્ માટે સમય ફાળવી સંચાલકોએ મુકેલા વિશ્વાસને સાર્થક કરતા પોતાના કલા અને કૌશલ્ય દ્વારા હાજર સર્વે જ્ઞાતિજનોને મંત્રમુગ્ધ કરી દિધા.

રજુઆત પહેલાનો ડર કે શુ થશે? પણ એકવાર નાટિકાની શરૂઆત થયા બાદ દિકરીઓનું આત્મવિશ્વાસ તેમજ મહેનત જે રંગ લાવી કે પધારેલા સર્વેની આખોં ખુલીજ રહી ગઇ તેમજ મોં આશ્ચર્યથી પહોળા થઇ ગયા અને સૌના દિલમાંથી ઉદ્ગારે સરી પડ્યા કે વાહ... વાહ..., ખુબજ સરસ..., અફલાતૂન..., સુપર્બ..., તાળીઓની ગડગડાટની હકદાર બની રહ્યા અને સાબિત કરી આપ્યું કે આજનો યંગ જનરેશન કોઇપણ કાર્ય દિલથી અને ખંતથી ખુબજ સરસ રીતે કરી શકે છે. ખાસ કાર્યક્રમ માટે પધારેલા દિકરીઓના વાલીઓ તો માનવાજ તૈયાર ન હતા કે આ નાટિકા તેની દિકરીઓ ભજવી રહી છે.

આ કાર્યક્રમના **સમારંભ પ્રમુખ** તરીકે **શ્રી મણીકાંત હીરજી ધુલ્લા (જખૌ-મુલુંડ)** હાજર હતા. તેમજ **અતિથી વિશેષ** તરીકે **શ્રી કલ્પેશભાઇ માણેકજી મોતા (રાપર ગઢવારી - ઘાટકોપર), શ્રી ભુપેન્દ્રભાઇ મુરજી દંડ (લાખણીયા - વાશી), શ્રી ભદ્રેશભાઇ મુલજી પટેલ (સાંયરા - મુલુંડ), શ્રી મહેન્દ્રભાઇ વિશનજી લોડાયા (મોટીખાવડી - મુલુંડ), શ્રી બિપીનભાઇ પાશ્વિર નાગડા (રંગપુર - મુલુંડ), શ્રી પ્રવિણભાઇ ધરમશી મુનવર (રંગપુર - મુલુંડ), શ્રી રાજેશભાઇ કાંતીલાલ ધરમશી (સેવક ભરૂડીયા - દાદર) ઉપસ્થિત રહ્યા હતા તેમજ દાતાઓ, આમંત્રિત મહેમાનો, ભૂતપૂર્વ દિકરીઓ, વાલીઓ, શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તેમજ શ્રી ક.દ.ઓ. મુંબઇ મહાજનના પદાધિકારીઓ, હાલારના દરેક ગામના ટ્રસ્ટીશ્રીઓ અને પદાધિકારી, શ્રી ક.દ.ઓ વિદ્યાર્થી સંઘ, શ્રી સ્વસ્તિક ગ્રુપ ડોંબિવલી ના સભ્યો** વગેરે બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સંસ્કૃતમાં એક સુંદર શ્લોક છે,

**अन्न दानम् परम् दानम् विद्या दानम् अत: परम। अन्नेन क्षणिका तृप्ति: यावज्जीवंच विद्या।।**

અર્થાત, અન્નદાન એ મહાદાન છે પરંતુ વિદ્યાદાન એ તો એથી પણ મહાન છે. અન્નદાનથી થોડો વખત તૃપ્તિ અનુભવાય છે જ્યારે વિદ્યાદાનથી આજીવન તૃપ્તી મળે છે.

આ શ્લોકને સાર્થક કરતા સંસ્થા વિષે જાણકારી મેળવી તેમજ દિકરીઓનું કલા, કૌશલ્ય અને પ્રગતી જોઇ પ્રસંગે પધારેલા નીચે મુજબના પરિવારોએ સંસ્થા માટે અમુલ્ય યોગદાન જાહેર કરેલ.



રૂા. ૫,૫૫,૫૫૫/-

**માતુશ્રી ગોમાબાઇ ડાહ્યાલાલ હીરજી ધરમશી પરિવાર**
**હસ્તે સુશીલાબેન તથા કાંતીલાલ ડાહ્યાલાલ ધરમશી**
(રંગપૂર-બોરીવલી)



રૂા. ૫,૫૫,૫૫૫/-

**શ્રી ચીમનલાલ જેતશી ખોના પરિવાર**
**હસ્તે માતુશ્રી ખમાવંતીબેન ચીમનલાલ ખોના અને**
**શ્રી શૈલેષ ચીમનલાલ ખોના** (મોટી ખાવડી - મુલુંડ)



રૂા. ૫,૫૫,૫૫૫/-

**માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ કલ્યાણજી ધરમશી પરિવાર**
**હસ્તે પુત્રવધુ અ. સૌ. મનીષાબેન રાજેશ ધરમશી**
**દિકરી અ. સૌ. રીટાબેન ચેતન નાગડા**
(સેવક ભરૂડીયા - દાદર)



રૂા. ૫,૫૫,૫૫૫/-

**માતુશ્રી ધનબાઇ રામજી માણેકજી નાગડા પરિવાર**
(રંગપૂર - વડાલા)



રૂા. ૨,૫૧,૦૦૦/-

**સ્વ. લક્ષ્મીચંદ ટોકરશી ખોના**
**હસ્તે ટોકરશી દેવરાજ ખોના પરીવાર**
(મોટી ખાવડી - મસ્જીદ બંદર)

| | |
|---|---|
| રૂા. ૨,૦૦,૦૦૦/- x ૨ | બે સદ્‌ગૃહસ્થ |
| રૂા. ૧,૦૦,૦૦૦/- | શ્રી ભદ્રેશ મુલજી પટેલ (સાંયરા - મુલુંડ) |
| રૂા. ૫૧,૦૦૦/- | માતુશ્રી જશુદબેન કાંતીલાલ દોશી પરિવાર (મહુવા - મુલુંડ) |
| રૂા. ૫૧,૦૦૦/- | માતુશ્રી લક્ષ્મીબેન કુંવરજી શિયાળ હસ્તે કાશ્મીરા અનિલ શિયાળ (જખૌ - ઘાટકોપર) |
| રૂા. ૫૧,૦૦૦/- | શ્રી જવાહરલાલ દેવજી કુરવા (ગોધરા - કાંદીવલી) |
| રૂા. ૫૧,૦૦૦/- | સ્વ. મુલચંદ દામજી માલદે હસ્તે સોનબાઇ દામજી માલદે પરિવાર (દલતુંગી - ઘાટકોપર) |
| રૂા. ૫૧,૧૦૦/- | શ્રીમતી પુષ્પાબેન ચંદ્રકાંત વેરશી લોડાયા (મોટી ખાવડી - મુલુંડ) |

**અમારામાં અભુતપૂર્વ વિશ્વાસ રાખીને દિલેરદાતા પરિવારોએ કન્યાછાત્રાલય માટે પોતાના કુબેરના ભંડાર ખોલી દઇને શિક્ષણ પ્રત્યેની લાગણી વ્યક્ત કરી છે. આપ સર્વેની ભૂરીભૂરી અનુમોદનાસહ આભાર...**

નાટક પૂર્ણ થયા બાદ સંસ્થા વિશે જાણકારી આપતી એક ડોક્યુમેંટ્રી બતાવામા આવેલ. કુમારી કિંજલ ખોનાએ પધારેલ સર્વેનું સ્વાગત કરેલ અને સંસ્થા પરિચય કુમારી હેમાંગી લોડાયા દ્વારા આપવામા આવેલ તેમજ ભૂતપુર્વ છાત્રા શ્રીમતી અલ્પા ભાવિક છેડાએ પોતાનો સંસ્થા વિષેનો અનુભવ અને મહત્વ જણાવેલ.

આપણી જ્ઞાતિના શ્રી શિવજી કુંવરજી વિકમશીને એમણે આપણા જ્ઞાતિના શિક્ષણ માટે કરેલ ભગિરથ કાર્ય માટે એમની ભૂરી ભૂરી અનુમોદના કરવામાં આવેલ અને એમના વિરલ વ્યક્તિત્વ માટે એક મોમેંટો આપવાનો નક્કી થયેલ પરંતુ એઓ પોતાના નાદુરસ્ત તબિયતના લિધે હાજર ન હોવાથી જ્ઞાતિ સમક્ષ શ્રી રાજેશ ધરમશી દ્વારા વાચી સંભળાવવામાં આવેલ.

આ સમગ્ર કાર્યક્રમ માટે નીચે મુજબના સખીદિલ દાતાશ્રીઓ પાસે થી અમુલ્ય સહયોગ મળેલ છે.

૧) **યાત્રા પ્રવાસના લાભાર્થી** (આવવા - જવાની ટીકીટ તથા તા. ૨૪/૦૧/૨૦૬ ના રોજ દિકરીઓની પીકનીક તથા તા. ૨૫/૦૧/૨૦૧૬ ના શાહપુર મુકામે દર્શનયાત્રા) **માતુશ્રી જયાબેન વિશનજી હિરજી લોડાયા પરિવાર (મોટીખાવડી - મુલુંડ) તથા માતુશ્રી રંજનબેન પ્રવિણ કુંવરજી લોડાયા પરિવાર હસ્તે ફિઓની હર્ષિલ લોડાયા (મોટીખાવડી-કાંદિવલી)**

૨) **અલ્પાહારના લાભાર્થી : માતુશ્રી કંચનબેન (દિપાબેન) ગુલાબચંદ નાગડા પરિવાર હસ્તે મિત્તલ જતીન નાગડા, જીયા તથા માહી**

૩) **કાર્યક્રમના સહયોગી દાતાશ્રીઓ :**

**શ્રી અશોક મણિલાલ દંડ**
**શ્રી સુનીલ માણેકજી લોડાયા**
**શ્રી વિજય મોતીલાલ લોડાયા**
**શ્રી મનોજ ભવાનજી ખોના**
**શ્રી પંકજ કેશવજી ધરમશી**
**શ્રી બિપીન પાશ્વિર નાગડા**
**શ્રી પ્રવિણ જેઠાલાલ લાપસીયા**
**શ્રી જીવરાજ ગોવિંદજી લોડાયા**
**શ્રી રાજેશ કાંતીલાલ ધરમશી**
**શ્રી દિલીપ ડુંગરશી લાપસીયા**

દિકરીઓનો કાર્યક્રમ માણી અને ખૂબજ ખુશ થયેલ શ્રી ભદ્રેશ પટેલ રૂા. ૧૧,૦૦૦/- અને શ્રી ખિમજી કરમશી લોડાયા પરિવાર દ્વારા રૂા. ૧૧,૦૦૦/- દિકરીને પ્રોત્સાહન ઇનામ આપેલ.

મુંબઇમાં શ્રીમતી મેનાબેન મહેન્દ્રભાઇ લોડાયા એ પોતાના ઘરે દિકરીઓ માટે રહેવાની વ્યવસ્થા કરેલ. ભાઇશ્રી રાજેશ મણિલાલ દંડ દ્વારા દિકરીઓને ટ્રેનમાં આવતી-જતી વખતે જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ અને તા. ૨૩/૧/૨૦૧૬ ના રોજ બધીજ દિકરીઓને પોતાના ઘેર જમાડી અને સુંદર પર્સ ગિફ્ટ આપેલ. તા. ૨૫/૧/૨૦૧૬ ના માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર દ્વારા દિકરીઓને જમાડી અને દરેક દિકરીને ડ્રેસ ભેટ આપવામાં આવેલ.

તા. ૨૪/૧/૨૦૧૬ ના રોજ દિકરીઓએ સાંગ્રીલા રિસોર્ટમાં આનંદ લિધેલ અને રાત્રે શહાપૂર મુક્કામે રોકાણ કરેલ. તા. ૨૫/૧/૨૦૧૬ ના દાદાના દર્શન પૂજા કરી ફરી જામનગર જવા માટે પ્રયાણ કર્યુ. આમ ખુશાખુશાલ ત્રણ દિવસ વીતાવી દિકરીઓ ફરી પાછા પોતાના અભ્યાસમાં મશગુલ થવા કન્યાછાત્રાલયમાં પરત આવી. **આમ સંસ્થા માટે અને દિકરીઓ માટે ઐતિહાસિક અવિસ્મરણિય દિવસો શાબિત થયા.**

## એક દીકરી એક વર્ષ શૈક્ષણિક દત્તક યોજના રૂા. ૩૧,૫૦૦/- વર્ષ ૨૦૧૫-૧૬ માટે ના દાતાશ્રીઓ

- **શ્રી ખીમજી કરમશી લોડાયા પરિવાર (મોટીખાવડી - મુલુંડ)**
- **માતુશ્રી વિજયાબેન ડુંગરશી લાપસિયા પરિવાર (દલતુંગી - મુલુંડ)**
- **માતુશ્રી પુષ્પાબેન પાશ્વિર નાગડા હ. ખુશાલી બિપીન નાગડા(રંગપુર - મુલુંડ)**
- **માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર (મોટીખાવડી - ઘાટકોપર)**
- **માતુશ્રી પુષ્પાબેન ભવાનજી ખોના પરિવાર (મોટીખાવડી - જામનગર)**
- **માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર (સેવક ભરૂડીયા - મુલુંડ)**
- **માતુશ્રી લલીતાબેન કેશવજી ધરમશી પરિવાર (રંગપુર - વાશી)**
- **માતુશ્રી સરોજબેન માણેકજી લોડાયા પરિવાર (મોટીખાવડી - જામનગર)**
- **માતુશ્રી ખમાબેન ચિમનલાલ ખોના પરિવાર (મોટીખાવડી - મુલુંડ)**
- **શ્રી સતિશ શેડગે (ભાંડૂપ)**

- માતુશ્રી સોનબાઇ જેઠાલાલ લાપસિયા પરિવાર (દલતુંગી - મુલુંડ)
- શ્રી યોગેશભાઇ ડેલીવાલા / શ્રી કમલેશભાઇ સંઘવી (મુંબઇ)
- શ્રી વિજયભાઇ આશારામ ઠક્કર (મુલુંડ)
- શ્રી શૈલેશભાઇ દાવડા (મુલુંડ)
- માતુશ્રી બાયાબાઇ ગોવિંદજી લોડાયા હસ્તે અનિતા જીવરાજ (મોટીખાવડી-ઠાણે)
- શ્રી વિશનજી જેતશી દંડ પરિવાર (સેવક ભરૂડિયા - ઘાટકોપર)
- માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર (રાપરગઢ વરી - ઘાટકોપર)
- માતુશ્રી પ્રેમિલાબેન સોમચંદ નાગડા પરિવાર (વારાપધ્ધર - ઘાટકોપર)
- કુ. વર્ષાબેન કાંતિલાલ ધરમશી હસ્તે મનીષા રાજેશ ધરમશી (સેવક ભરૂડિયા - દાદર)
- માતુશ્રી ગોમાબેન હેમરાજ લોડાયા પરિવાર (મોટીખાવડી - ઘાટકોપર)
- માતુશ્રી જયાબેન વિશનજી લોડાયા પરિવાર (મોટીખાવડી - મુલુંડ)
- માતુશ્રી મણિબેન હંસરાજ લોડાયા પરિવાર (મોટીખાવડી - ઠાણે)
- શ્રી રાકેશ બારાઇ (જામનગર)
- શ્રી ભવાનજીભાઇ ધનજી પટેલ (ઠાણે)
- માતુશ્રી ચંદનબેન શાંતિલાલ લાપસિયા પરિવાર (રંગપુર - ઘાટકોપર)
- શ્રી શામજીભાઇ માણેકજી લોડાયા પરિવાર (સાંધવ - ઠાણે)
- માતુશ્રી સોનબાઇ શામજી સિયાલ પરિવાર (દલતુંગી - ડોંબિવલી)
- માતુશ્રી દેવકાબેન ભાણજી લોડાયા હ. અરવિંદભાઇ (દલતુંગી-વડાલા)
- માતુશ્રી નિર્મલાબેન ડુંગરશી માલદે પરિવાર (દલતુંગી - ડોંબિવલી)
- માતુશ્રી લીલબાઇ પદમશી વોરા પરિવાર (રંગપુર - કોઇમ્બતુર)
- માતુશ્રી મુરબાઇ દામજી ધુલ્લા હ. શ્રીમતી નીલમ ભોજરાજ ધુલ્લા (સેવક ભરૂડિયા-મુલુંડ)
- માતુશ્રી ગંગાબાઇ ભવાનજી લોડાયા હસ્તે શ્રીમતી મિના દિપક લોડાયા (સાંધવ-ડોંબિવલી)
- વેલ વિશર (મુંબઇ)
- શ્રી ચંદ્રભાન અગ્રવાલ (કોલકત્તા)
- શ્રી મહેશભાઇ દુહલાની (બાંદ્રા)
- શ્રી રવિંદ્ર અગ્રવાલ (કોલકત્તા)
- શ્રી કુલીનભાઇ હેમરાજ ખોના પરિવાર (મોટીખાવડી - ઠાણે)
- શ્રી ઓમપ્રકાશ મહાવીર પ્રસાદ શર્મા (ઠાણે)
- માતુશ્રી સોનબાઇ સોમચંદ કાનજી લોડાયા પરિવાર (નાનીખાવડી - અકોલા)
- શ્રી શાંતિલાલ લાલજી દંડ પરિવાર ( દલતુંગી - વડાલા)
- માતુશ્રી શ્રધ્ધાબેન ગુણવંતરાય ગાંધી હસ્તે કેતન કેટરર્સ (ડોંબવલી)
- શ્રીમતી હેમલતાબેન ચંદ્રકાંત નવિનચંદ્ર નાગડા (રંગપૂર - ભાંડૂપ)
- શ્રીમતી ભાવિનીબેન મેહૂલ નિર્મલ દંડ (ભરૂડીયા) અને કુ. દિપ્તીબેન ચંદ્રકાંત નાગડા
- શ્રીમતી રેખાબેન રસિકલાલ લાપસિયા (દલતુંગી) અને શ્રીમતી ભારતીબેન રોહીત ધરમશી
- માતુશ્રી મંજુલાબેન દામજી મૈશેરી હસ્તે આદિનાથ રોડવેઝ (નાની સિંધોડી - ઘાટકોપર)
- માતુશ્રી મણિબેન રામજી કાનજી ગાલા - ગણેશ ચાય (દેવપુર - ઘાટકોપર)
- માતુશ્રી દક્ષાબેન હંસકુમાર લક્ષ્મીચંદ છેડા હસ્તે અલ્પા ભાવિક છેડા (સુજાપુર - ભાંડૂપ)
- માતુશ્રી જયાબેન વિશનજી લોડાયા હસ્તે વિમલાબેન મહેશ લોડાયા (દલતુંગી - કાંજુરમાર્ગ)
- મે. પ્રેમ બિલ્ડર્સ (દાદર) (બે નામ)

## અન્ય ભેટ

- રૂા. ૩૭,૧૫૦/- ભૂતપૂર્વ દિકરીઓ
- રૂા. ૧૬,૦૦૦/- ચિ. ખુશી નિપુલ સુમારિઆ (મુલુંડ)
- રૂા. ૧૫,૪૬૫/- મિસેસ અમૃતાબેન ખીરસીયા (ભિવંડી)
- રૂા. ૧૫,૦૦૦/- શ્રી મુકેશ જોશી (અંધેરી)
- રૂા. ૧૧,૦૦૦/- શ્રી અશોક શાહ (મુંબઇ)
- રૂા. ૧૧,૦૦૦/- શ્રી જનક કનૈયાલાલ શાહ (મુંબઇ)
- રૂા. ૫,૧૦૦/- મા. પુષ્પાબેન રમેશચંદ લાપસીયા (દલતુંગી)
- રૂા. ૫,૦૦૦/- મા. નિર્મલાબેન ચાંપશી લાપસીયા (દલતુંગી)
- રૂા. ૫,૦૦૦/- શ્રી અશોકભાઇ ગાંધી (ઘાટકોપર)
- રૂા. ૩,૦૦૦/- દક્ષા અમિત નાગડા

**એક વર્ષ દિકરી શૈક્ષણિક દત્તક યોજનામાં સહયોગ આપનાર સર્વે દિલેર દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર સહ અનુમોદના**

સંસ્થા દ્વારા નાના મોટા સૌ કોઇ આ શિક્ષણ યજ્ઞમાં સાથ આપી શકે એ માટે ''નાનો ફાળો સૌનો ફાળો'' રૂા. ૧,૦૦૦/- કુપન રજુ કરેલ છે. આશા છે કે જ્ઞાતિજનો આ ને સારો પ્રતિસાદ આપી પોતાનો સહયોગ આપશે.



સમારંભ પ્રમુખનું સ્વાગત



દિપ પ્રાગટ્ય



મંચપર બિરાજમાન મહાનુભવો



સમારંભ પ્રમુખનું સન્માન



અતિથી વિશેષ ભુપેન્દ્રભાઇ દંડ



અતિથી વિશેષ ભદ્રેશ પટેલનું સન્માન



અતિથી વિશેષ બિપીન નાગડાનું સન્માન



અતિથી વિશેષ કલ્પેશ મોતાનું સન્માન



અતિથી વિશેષ મહેન્દ્રભાઇ લોડાયાનું સન્માન



અતિથી વિશેષ પ્રવિણભાઇ મુનવરનું સન્માન



અતિથી વિશેષ રાજેશ ધરમશીનું સન્માન



યાત્રા પ્રવાસના દાતાશ્રીઓ



અલ્પાહારના દાતાશ્રી



સહયોગી દાતાશ્રીઓ



સ્વાગત અને અભિવાદન



સંસ્થાના પ્રમુખ શ્રી અશોકભાઇ દંડ તથા
સમારંભ પ્રમુખ શ્રી મણિકાંતભાઇ ધુલ્લા



પિયુષ ભટ્ટનું સન્માન



રૂા. ૧,૦૦૦/- ની કુપનનું વિમોચન



શ્રી શીવજીભાઇના મોમેંટો
સાથે શ્રી રાજેશ ધરમશી



નૃત્ય કરતી
કુ. ઇશા જોશી



સ્વાગત પ્રવચન
કુ. કિંજલ ખોના



સંસ્થા પરિચય
કુ. હેમાંગી લોડાયા



કાર્યક્રમના સંચાલક
શ્રી ઉત્તમ છેડા



ભુતપૂર્વ વિદ્યાર્થીનીઓ



નાટકના દશ્યો



નાટકના દશ્યો



નાટકના દશ્યો



નાટકના દશ્યો



નાટકના દશ્યો



નાટકના દશ્યો



નાટકના દશ્યો



નાટકના દશ્યો



હાજર જ્ઞાતિજનો...



હાજર જ્ઞાતિજનો...




મુંબઇ મહાજન પ્રમુખ સાથે વાતચિત

## અમો આભાર માનીએ છીએ

- સર્વે દાતાશ્રીઓના - જેના સાથસહકાર વગર આ કાર્ય કરવું અશક્ય છે.
- અમારા આમંત્રણને માન આપીને પધારેલ સર્વે જ્ઞાતિજનો - મહેમાનો - વાલીઓ - ભૂતપૂર્વ દિકરીઓ...
- કાર્યક્રમના દાતાશ્રીઓ તેમજ પ્રવેશ પત્રિકામાં જાહેરાત આપી સહ્યોગ આપનાર સર્વે દાતાશ્રીઓના...
- નાટકના લેખક શ્રી પિયુષ ભટ્ટ, નિર્દેશિકા કુ. ઇશા જોષી, ગૃહમાતા રંજનબેન શાહ તેમજ શશાંક યાદવ...
- દિકરીઓ સાથે તેમની સંભાળ માટે પધારેલા શ્રી વિજય વોરા, પુષ્પાબેન વોરા, હિરેન શિયાલ તેમજ મનીષભાઇ વોરા, ટ્યુશન ટિચર શ્રી અલ્પેશભાઇ અને શ્રીમતી હિરલબેન ત્રિવેદી
- દિકરીઓના ઉતારાની વ્યવસ્થા સંભાળનાર શ્રીમતી મેનાબેન મહેન્દ્ર લોડાયા...
- દિકરીઓની હેઅર સ્ટાઇલ, મેકઅપ તથા વેશભુષાની સંપૂર્ણ જવાબદારી સંભાળનાર શ્રીમતી મિનાબેન વિનયભાઇ મોમાયા તથા શ્રીમતી હિનાબેન હરેશભાઇ વોરા તેમજ તેમની ટિમ...
- લાઇટ, સાઉંડ, સ્ટેજ તેમજ સભાગૃહની સંપૂર્ણ જવાબદારી સંભાળનાર શ્રી વિરાગ લોડાયા...
- બસની તેમજ ખાવા પિવાની વ્યવસ્થા સંભાળનાર શ્રી રાજેશભાઇ દંડ...
- ભૂતપૂર્વ દિકરીઓ શ્રીમતી અલ્પા છેડા, શ્રીમતી ભારતી ધરમશી, શ્રીમતી યોગિતા લોડાયા, કુ. દામિની માલદે, કુ. એકતા માલદે, શ્રીમતી દિપા લોડાયા, શ્રીમતી અલ્પા લાપસિયા, શ્રીમતી લિના લોડાયા, કુ. જીનલ લોડાયા, કુ. દિક્ષા મુનવર તેમજ અન્ય દિકરીઓ...
- વિમલેશ ધરમશી, મુકેશ લોડાયા, મનોજ લોડાયા વેગેરે અન્ય સેવા માટે તેમજ નિસ્વાર્થ ભાવે સેવા આપનાર સર્વે ભાઇઓ - બહેનો નામી અનામી સર્વેનો આભાર...
- સરતચુકથી કોઇપણ નામ રહી ગયું હોય તો ક્ષમા યાચના....





**''ઝાઝા હાથ રળીયામણાં''**
**કહેવતને સાર્થક કરતી**
**એક બીજાને ખભેખભા મિલાવીને કામ કરતી**
**હાલની ટ્રસ્ટ બોર્ડની ટિમ મહાનુભવો સાથે**

**હર હંમેશ આપ સૌનો પ્રોત્સાહિક સહકાર મળતોજ રહેશે તેની અમોને ખાત્રી છે.... અસ્તુ**

નોંધ : ઉપરોક્ત અહેવાલ અમોએ ખુબજ કાળજી લઇને તૈયાર કરેલ છે. છતા પણ અજાણતા અમારાથી કોઇપણ જાતની ક્ષતી રહી ગઇ હોય તો મિચ્છામિ દુક્કડમ્ આ બાબતમાં અમારૂ ધ્યાન દોરવા વિનંતી.

# શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ





ના આંગણે

## શ્રી આદિનાથ જીનાલયની

## ૧૧ મી ધ્વજા રોહણ મહોત્સવ

### સોમવાર, તા. ૭/૩/૨૦૧૬

### શ્રી સકલ સંઘને પધારવા ભાવભર્યું સસ્નેહ નિમંત્રણ...



શ્રી સેવક ભરૂડીયા તિર્થે શ્રી આદિનાથ દાદાના નયનરમ્ય જિનાલયની ૧૧ મી વર્ષ ગાંઠના ધ્વજા રોહણ તેમજ અમારા શ્રી સંઘના અને પરિવારના પરમ ઉપકારી પૂ. સાદવી શ્રી દેવરક્ષિતા શ્રીજી મ. સા. ના સંયમ રજત વર્ષના મહોત્સવ પ્રસંગે પૂ. આર્યરક્ષિતાશ્રીજી મ. સા. આદિઠાણાની નિશ્રામાં માદરે વતન માં ભક્તિ, ગુરૂ ભક્તિ અને સાધર્મિક ભક્તિના ત્રિવેણી સંગમના સથવારે આનંદ ઉમંગ અને ઉત્સાહ થી ઉજવશે.

માતૃહૃદયા પૂ. ગુરૂવર્યા શ્રી આર્યરક્ષિતા શ્રીજી મ.સા. ના સુશિષ્ય પ. પૂ. સાધ્વીવર્યા શ્રી દેવરક્ષિતાશ્રીજી મ. સા. ના સંયમ રજત (૨૫) વર્ષ પૂર્ણ કરેલ છે. તેનું શ્રી સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ તથા માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર અંતકરણથી અનુમોદના-અભિવંદના કરે છે.



પૂ. સા. શ્રી આર્યરક્ષિતા શ્રીજી મ.સા.



પૂ. સા. શ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા.



પૂ. સા.શ્રી ચૈતન્યરક્ષિતાશ્રીજી મ.સા.



પૂ. સા.શ્રી વ્રતરક્ષિતાશ્રીજી મ.સા.

### આપ સૌના ચરણારવિંદમાં અનંતશઃ કોટી કોટી વંદના

## મંગલમય કાર્યક્રમો

**મહાવદ ૧૩ ને રવિવાર તા. ૬/૩/૨૦૧૬**

| | |
|---|---|
| પ્રવેશ દ્વાર ઉદ્ઘાટન | : સવારે ૧૧.૩૦ કલાકે |
| સચ્ચામાની પહેડી/નૈવેદ્ય | : બપોરે ૧૨.૦૦ કલાકે |
| અઢાર અભિષેક | : બપોરે ૧.૩૦ કલાકે |
| જાહેરપીર દાદાની ધજા/નૈવેદ્ય | : સાંજના ૭.૦૦ કલાકે |
| આરતી | : સાંજના ૭.૦૦ કલાકે |
| ભાવના | : રાત્રે ૮.૩૦ કલાકે |

**મહાવદ ૧૪ ને સોમવાર તા. ૭/૩/૨૦૧૬**

| | |
|---|---|
| સત્તરભેદી પૂજા | : સવારે ૮.૦૦ કલાકે |
| ધ્વજા રોહણ | : સવારે ૧૦.૦૦ કલાકે |
| સાધર્મિક ભક્તિ | : બપોરે ૧૨.૦૦ કલાકે |
| ભક્તામર પૂજન | : બપોર ૧.૩૦ કલાકે |
| મહાઆરતી | : સાંજે ૭.૦૦ કલાકે |
| ગીતરાસ | : રાત્રે ૯.૦૦ કલાકે |

**મહોત્સવ સ્થળ : સેવક ભરૂડીયા, જીલ્લો જામનગર, સૌરાષ્ટ્ર.**

ખાસ નોંધ : ગામ સેવક ભરૂડિયાના સર્વે ગામવાસિઓ તેમજ નિયાણી બહેનો દિકરીઓને આમંત્રણ પત્રિકા મોકલાવેલ છે. સંજોગોવસાહાત ન મળી હોય તો આ આમંત્રણને રૂબરૂ આમંત્રણ સમજી પ્રસંગે પધારવા હાર્દિક નિમંત્રણ છે.

**નિમંત્રક**

### બે દિવસીય મહોત્સવ તેમજ સાધર્મિક ભકિત ના લાભાર્થી પરિવાર

### માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર (સેવક ભરૂડિયા - મુલુંડ)

# વહીવંચા અને આપણો ઈતિહાસ – ભાગ ૧

**રમેશ મુલજી લોડાયા** – ભરૂડિયા, મુલુંડ – 098203 36767

વહીવંચા, પરીયા, ભટ્ટ, ભટ્ટરાજા, બારોટ તરીકે ઓખળાતી એક જાતિ છે જેનો વ્યવસાય છે. યજમાનવૃતિ. પોતાના યજમાનોની વંશાવલીના ચોપડા (વહી) રાખે, અગાઉ વહીવંચાઓ પોતાના યજમાનોને ત્યાં વરસમાં એક વખત જતા. યજમાનો આદર અને આગ્રહ સાથે થોડા દિવસ રોકતા. પોતાની સાથેના ચોપડામાંથી યજમાનના કુળમાં થયેલા પ્રતાપી પુરુષોનો ઈતિહાસ તેમના વારસોને સંભળાવે. મુળ પુરુષથી થયેલ વારસોની યાદી વંશાવલી સંભળાવે. પછી તે કુટુંબમાં કોઈ જન્મ કે મરણ થયા હોય તેની નોંધ લે. અન્ય સત્કાર્યોની નોંધ લે. આવી નોંધના બદલામાં તેમને હકસાઈ, શિરપાવ, શીખ આપે.

વહીવંચાઓની નોંધપોથી (વહીઓ)માં ઘણું સાહિત્ય છુપાયેલું છે. આપણાં વડિલોની કેટલી સુંદર દુરદંશી કે જેથી આજે આપણાં પૂર્વજોનો કડીબધ્ધ ઈતિહાસ, વંશાવલી (Family Tree) આપણે મેળવી શકીએ છીએ. વહીઓમાં દરેક ગોત્રની વંશાવલી ઉપરાંત ગોત્ર ઉત્પત્તિ કથા, પૂર્વજોએ કરેલ કાર્યો જેવા કે વાવ, કુવા, તળાવ ગળાવ્યા, દેરાસરો, ઉપાશ્રયો, ગૌશાળા, પાંજરાપોળો બંધાવ્યા, ઉજવેલા મહોત્સવો, કાઢેલા સંઘો, જન્મ, લગ્ન તિથી, અવસાન નોંધ, પ્રસંગોએ આપેલા ભોજન, ગામ/ચૌખરા/નાત જમાડવાની વિગતો, આપેલી લ્હાણો, પરિયાગતને આપેલી હેમ/રજત કોરી કે વસ્ત્રો, પાઘડી આદિની નોંધી લખેલ છે. જે પરથી વડિલોનો વૈભવ જાણી શકાય છે. જમણમાં કેટલું અનાજ, ઘી વપરાયું, કઈ વાનગીઓ જમાડી, વડિલોમાંથી કોણે ક્યાં સ્થળાંતર કર્યું તેની નોંધ છે જે પરથી કુટુંબ સાથેની કડી મળી શકે છે.

આમ તો વહીવંચા /બારોટો કાંટિયા વરણ, કાવા કસુંબાના શોખીન, હોકો સાથે રાખે, ઘોડીએ ચડી એક ગામથી બીજે ગામ જાય, ઘોડીના સામાન નીચે પાણકોરાનો ખડિયા હોય જેના એક ખાનામાં યજમાનોની વંશાવલીનો લાંબો ચોપડો અને બીજા ખાનામાં કપડા, ધાબળો, પછેડી, લોટો અને લાલ મદરાસી કાપડનો ખલતો હોય તેમાં હોય અફીણની ડાબડી, સૂડી-સોપારી અને હોકો હાથમાં હોય.

ખૂબ જ ઠાઠમાઠથી બારોટ યયમાનને ત્યાં જાય. એ વખતે ચોક્કસ ગોત્રના પરિવારો એકજ ગામમાં હોય અને વહીવંચાની ખૂબ જ મહેમાનગતિ કરે. દિવસોને બદલે મહિના સુધી રોકે. સાથે એમનું કુટુંબ અને ગાડાનો રસાલો હોય. રોજ રાત્રે વીરરસ, કરૂણરસની વાતો મંડાય મોડી રાત સુધી ડાયરો જામે. આખું ગામ સાંભળવા આવે. ઉનાળામાં લોકોને ખેતીમાં નિરાંત હોય એવા સમયે યજમાનો પાસે જતા.

આજે કચ્છીઓમાં ગોત્રનું જ્ઞાન રહી શક્યું છે તે આવા વહીવંચાઓને કારણે છે. અગાઉ વંશાવલી રાખવાનું કાર્ય જૈન યતિ/ગોરજીઓ કરતા પછી આ વ્યવસ્થામાં શિથિલતા આવતા વહીવંચા (ભટો)ને આ કાર્ય સોંપાયું. પરંતુ દૂરના સ્થળાંતરો થવાથી ગોઠીઓ વિખુટા પડવાથી વહીવંચાઓ બધે જતા અટક્યા. ઘણા યજમાનો ગુજરાત અને દૂર જનારાઓએ ભટોને શીખ આપવાનું બંધ કર્યું તો ઘણીવાર વહીવંચાઓએ પણ મોટી માંગણી કરતા યજમાનોએ પ્રોત્સાહન આપવું બંધ કર્યુ અને તેથી ગોત્ર નોંધ લખવાનું બંધ કર્યું અને તેથી પૂર્વજોની કડીબધ્ધ વંશાવલીથી વંચિત રહી ગયા. પોતાના મૂળ ગોત્ર-નૂખો-ઓળખથી દૂર આવા જૈનો ધંધાની ઓળખ મોદી, દોસી, સંઘવી, શેઠ, શાહ ઓળખ રાખતા થઈ ગયા. વહીવંચાની નોંધમાં શિરપાવની લાલચે ક્યાંક ક્યાંક યજમાનોની પ્રસંશાનો અતિરિક હોઈ શકે છે પરંતુ તેનાથી આ ઈતિહાસની અવગણના કરી શકાય નહિ.

આપણાં વડિલોએ પોતાના જીવન જાણી જાણ્યા છે. ઈતિહાસને પાને મુકવા જેવા એમના આગવા સંસ્કારો ઢંકાયેલા પડ્યા છે. ૨૦૦ -૩૦૦ વહીઓને ઉકેલવી મુશ્કેલ છે. કાના માતર વગરના બોડિયા ટૂંકા લખાણો ઘણીવાર ઉકલેવા મહેનત માંગી લે છે. વહીવંચાઓની વર્તમાન પેઢી પણ ઘણીવાર ઉકેલી શકતી નથી. વ્યવસાયે વ્યસ્ત હોવા છતાં શોખ ખાતર થોડું ઘણું મેળવી શક્યો છે તે આપ સમક્ષ રજુ કરું છું. વહીવંચાઓની આવકનું સાધન હોઈ તેઓ વિગત આપવા રાજી નથી હોતા તથા ઉંચી રકમો પણ માંગે છે. જ્ઞાતિ લેવલે પ્રયાસ કરી આ માહિતી મેળવી લેવામાં આવે અને ભવિષ્યમાં થોડા યુવાનો સંશોધનમાં આગળ આવે તો જ્ઞાતિ ઈતિહાસ ઉપર ઘણો પ્રકાશ પડી શકે તેમ છે.

**નોંધ ૧ :** સવંત ૧૯૨૮ના ચઈત્ર વદ ૧ તથા ૨ના સુથરીના શા. વેરસીની ભારજા ભાગબાઈ નવપદનું તપ કરીને ઉજમણું કીધું છે. ગામ સુથરી તથા આરીખાણા તથા ખુઅડા ગામ ત્રણના માજન તથા સગાવાલા જમાડયા છે. જમણ સાત સુખડીનું કીધુ. અને કાંસાના થારીની લાણી કીધી છે થારી આશરે ૪૦૦ આપી છે.

**નોંધ ૨ :** સવંત ૧૯૨૪ના શ્રાવણ સુદ ૧૩નું દેશ કચ્છમાં સુથરી ગામે દેરાનો પાયો નાખ્યો છે. સવંત ૧૯૨૭ના મહા સુદ ૧૩ને શુક્રવારનો ભરયો (પ્રતિષ્ઠા) કીધો છે ગામ ત્રણ જમાડ્યા છે. ગામ સુથરી તથા આરીખાણા તથા ખુઅડો જમાડ્યા (તે વખતે ખુઅડોમાં દશા હતા) તથા સગા સંબંધીઓને જમાડ્યા અને કરસીયાની લાણી કીધી તથા ખાંડ (સક્કર) શેર બે દીધી. વહીવંચા વેરસલ કચરાને પાઘડી ઘડ બંધી કોરી વીશની તથા પછેડી કોરી ૫ની તથા માધરપાટ (કપડું) કોરી પાંચનો તથા કોરી ૭ રોકડી દીધી.

નોંધ ૩ : સવંત ૧૯30ના કારતક વદ ૩ના વેરસી પાસવીરાણીએ સમત શીખરની જાત્રા કરવા સંઘ કાઢ્યો. યાત્રા કરીને સુથરી આવ્યા ત્યારે સુથરી, આરીખાણા તથા ખુઅડો ગામ ત્રણના પોતાના નાતીલા જમાડ્યા. જમણ મીઠાઈ ચાર ભાતની કરી. વઈવંચાને પાઘડી ઘડબંધી તથા પછેડી તથા કોરી ૫ તથા કોરી બે અફીણની દીધી. સુથરીના ચોકે વેરસલ કચરાને.

– ક્રમશઃ

શુભેચ્છાઓ સહ...

**સાંધવ રત્ન**

**શ્રી મુલજી રાઘવજી લોડાયા**

**MRL Group of Companies**

## દક્ષિણ ભારતના કેરાલા રાજ્યમાં આવેલ મારું એક નાનકડું નગર વડકરા (જુનું નામ બડગરા)

દક્ષિણ ભારતના દરિયા કિનારે કલીકટ પાસે આવેલું વડકરા નગર સન ૧૯૨૫થી સન ૧૯૫૨ સુધી વસવાટ કર્યા બાદ મેં છોડ્યું ત્યારે તે ગામમાં ઇલેક્ટ્રીસીટી ન હતી તેમજ પીવાના પાણી માટેના નળો ન હતા. પીવાનું પાણી દૂર દૂરથી લાવવું પડતું હતું.

તે સમયે આ ગામમાં આપણી જ્ઞાતિની માતબર પેઢીઓ ૧) મેસર્સ રતનશી આશારીયાની કાું. ૨) મેસર્સ મુલજી રતનશીની કાું. ૩) શા ગોવિંદજી પદમશીની કાું. ૪) મેસર્સ નેણશી દેવશી કાથાવાલાની કાું. ૫) મેસર્સ મરચંટ સ્ટીચ નેવીગેશન કાું. ઇત્યાદી હતી, હાલના સમયે ઉપરોક્ત એકપણ પેઢી વડકરામાં નથી.



આ નાનકડા નગરમાં તે સમયે મેસર્સ મુલજી રતનશીની કાું. ની પેઢીના મકાનમાં એક ઘર દેરાસર હતું અને જ્ઞાતિજનો ત્યાં દર્શન કરવા જતા હતા. પર્યુષણ પર્વની આરાધના કરવા નજીકના શહેર કલીકટમાં જવું પડતું હતું, થોડા સમય બાદ સૌને વડકરાયાંજ પર્યુષણ પર્વનું આયોજન કરવાની ઈચ્છા થઈ. તે અનુસાર શ્રી ગુજરાતી સમાજ સંચાલિત ગુજરાતી સ્કુલમાં આઠ દિવસ રજા પાડી તે જગ્યામાં પર્યુષણ પર્વની આરાધના કરવાનું શરૂ થયું.

સન ૧૯૯૫ની આસપાસ આ ગામમાં એક નાનકડું દેરાસર બનાવવાની સ્ફુરણ થઈ. આ માટે યોગ્ય જગા શોધવાના પ્રયત્નો શરૂ થયા. યોગ્ય જગ્યા મળી જતાં ત્યાં એક દેરાસર બનાવવાનું નક્કી થયું તે માટે આર્થિક સહકાર મેળવવા શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, બડગરાના પ્રમુખશ્રી જીવરાજ વેરશી પોલડીયા અને ત્યાંના અન્ય કાર્યકરોએ શરૂઆત કરી. પોતપોતાના ધંધામાં વ્યસ્ત હોવા છતાં તેઓએ ગોમાગામ ફરી જરૂરી ભંડોળ એકત્ર કર્યુ અને પૂરી ખંતથી દેરાસર ઊભું કર્યું. આ નાનકડા દેરાસરની પ્રતિષ્ઠા સન ૧૯૯૯માં માનનીય વિધીકાર શ્રી નરેન્દ્રભાઈ નંદુના હસ્તે સંપન્ન થઈ.

દેરાસર માટે બંધાયેલ મકાનમાં પહેલા માળે નાનકડું દેરાસર અને હોલમાં લગભગ દોઢસો માણસી બેસી શકે એટલી જગ્યા છે. આ જિનાલયમાં મૂળનાયક તરીકે શ્રી વિમલનાથ ભગવાન, જમણી બાજુ શ્રી કુંથુનાથ ભગવાન અને ડાબી બાજું શ્રી અનંતનાથ ભગવાન બીરાજમાન છે. આ મકાનની નીચેનો મોટો હોલ છે જેનો ઉપયોગ ઉપાશ્રય તરીકે કરાય છે.

આ જિનાલયની નિકટમાં એક મકાન મહાજનવાડી માટે બાંધવામાં આવેલ છે. તેમાં ભોંય તળીયે ચાર ફ્લેટો (જ્યાં આપણી જ્ઞાતિના પરિવારો રહે છે) બનાવવામાં આવેલ છે. પહેલા માળે મહાજનવાડીના મોટો હોલ, રસોડું, સ્ટોર રૂમ પુજારીના નિવાસ માટે એક ફ્લેટ તદુપરાંત સુવિધાયુક્ત બે રૂમો અતિથિગૃહ તરીકે રાખવામાં આવેલ છે. તે રૂમોમાં પલંગો ઉપર ચાર જણ આરામથી સુઈ શકે એટલી અનુકુળતા છે. તે સિવાય બન્ને રૂમોમાં વેસ્ટર્ન ટોયલેટ પણ છે.

અગાઉ આપણા જ્ઞાતિજનોનો વસવાટ દરીયા કિનારે હતો પરંતુ હવે દરીયા કિનારે ત્રણેક પરિવારો જ રહે છે અને બાકીના બધા દેરાસરની ખૂબ નજીક રહેવા લાગ્યા છે.

આ નાનકડા નગરમાં આપણી જ્ઞાતિના ૯/૧૦ ઘરો છે અને ત્રણેક ઘરો અન્ય ગુજરાતી પરિવારોના છે. કુલ ગુજરાતીઓની સંખ્યા અંદાજે સાઠ જણની ગણાય. તેમ છતાં ગુજરાતી સમાજ સંચાલિત ગુજરાતી સ્કુલ, ક.દ.ઓ. મહાજન સંચાલિત, દેરાસર, ઉપાશ્રય, મહાજનવાડી, અતિથિગૃહ ઇત્યાદિની વ્યવસ્થા છે.

આ નગરમાં જ્ઞાતિના ચાર પરિવારોનો કોપરાનો ધંધો છે અને બે પરીવારો ટ્રાન્સપોર્ટનું કામ કરે છે. બાકીના ત્યાં નોકરી કરે છે આપણી જ્ઞાતિના પરિવારોની સંખ્યા જેવી છે પણ તેમનો પ્રેમાળ સરળ સ્વભાવ અને વિશાળ દિલ એ ત્યાંનું વિશેષ આકર્ષણ છે.

વડકરામાં જિનાલય, મહાજનવાડી, અતિથિગૃહ થયું તેનો સંપૂર્ણ શ્રેય શ્રી જીવરાજ વેરશી પોલડીયા અને તેમના સહકાર્યકરો ફાળે જાય છે. સૌને મારા વંદન અને હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

બડગરામાં ભોજનશાળાની વ્યવસ્થા નથી પરંતુ અગાઉથી જાણ કરવાથી કલીકટથી રસોઈયા બોલાવી ભોજન અંગેની વ્યવસ્થા કરી શકાય છે. આ માટે ક.દ.ઓ. જૈન મહાજનના મંત્રીશ્રીનો નીચેના સરનામે સંપર્ક કરી શકાય છે : શ્રી નરેન્દ્રભાઈ પ્રેમજી પોલડીયા, VIIIAમિલય કેથુ, વી.ઓ. રોડ, જૈન મંદિર પાસે, વડકરા - ૬૭૩૧૦૧. મોબાઈલ : 09846462788 / 08089888866

**- વિશનજી પદમશી**


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

# કચ્છી ચોવકોમાં છે પૂર્વજોના અનુભવનો નિચોડ



કચ્છી ચોવકોમાં નીતરે છે પેઢી દર પેઢીના અનુભવનો નિચોડ. એ કહેવતો પરથી કચ્છના લોકસમૂહોની પરંપરાનો પણ અંદાજ આવે છે. ઘણું સંશોધન થયું છે. એમાં 'નવનીત' છે એટલે ચાલુ રહેઈં.

૧૯૫૦માં દુલેરાય કારાણીએ કચ્છી કહેવતો પર ગ્રંથ બહાર પાડ્યો હતો. એ પ્રક્રિયા અટકી નથી. 'બાપથી ઉપરવટ' હવે કાંઈ ન થાય એ અર્થમાં નહીં, પણ હજુ વલોણાની જરૂર છે, એમ માનીને ઘણા સંશોધકો અવારનવાર તેના પર પ્રકાશ પાડે છે. છેલ્લે ૨૦૧૧માં કચ્છના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં રહેતા એક દરજીના દીકરા 'હરેશ દરજી'એ તનતોડ મહેનત કરીને 'કચ્છી ચોવક કોષ' બહાર પાડ્યા છે. હરેશ દરજી 'કસભી' ઉપનામથી સાહિત્ય સર્જન કરે છે.

**''બારેં બુધ, સોરેં સુધ,**
**વીયેં, આવઈત આવઈ**
**નીકાં વિઈ સમૂરી''**

ગુજરાતીમાં પણ આવા સંદર્ભની કહેવત છેઃ ''બારે બુદ્ધિ, સોળે શાન, વીસે વાન'' બારમાં વર્ષે બુદ્ધિ, સોળમાં વર્ષે સમજણ, વીસમાં વર્ષે 'વાન' એટલે ચામડીનો રંગ, બસ આ તબક્કામાં એ બધું વિકસ્યું તો ઠીક છે, બાકી, પછી એ ત્રણેય લક્ષણ નહીં આવે.

એજ રીતે ઉંમરના વિવિધ તબક્કામાં પુરુષનો વિકાસ કેવો હોવો જોઈએ તે અંગેની એક રસપ્રદ ચોવક છેઃ

**''બારેં બુધી, સોરેં સુધી,**
**વીયેં નરવંકો, ત્રીયેં તતો,**
**ચારીયેં તકો, પિંજાએ પકો,**
**ને સઠેં થકો...''**

બારમાં વર્ષે બુદ્ધિ, સોળમાં વરસે સંપૂર્ણ સમજ, વીસમાં વર્ષે સંપૂર્ણ પુરુષાતન, ત્રીસમેં તો તાંબા જેવા તેવર, ચાલીસમાં વર્ષે પુરુષાર્થી, પચાસે પહોંચે ત્યાં સુધી સંપૂર્ણપણે 'પાકો' થઈ જાય અને સાઈઠમાં વર્ષે થાકી જાય, મતલબ નિવૃત્તિના આરે આવી જાય !

એક કહેવત 'યોગાનુયોગ' અર્થમાં છેઃ 'કારી ચોડસ નેં શનિવાર કડેંક અચેં' કાળી ચૌદસ અને શનિવાર ભાગ્યે જ એક સાથે આવે.

આ તિથિઓને પણ 'ચોવક'માં વણી લેવામાં આવી છેઃ

**''ચોથ ચોડસ નેં ચોપાઈયો,**
**હાંની કરે પૂનમ જો જાયો;''**

ચોથના અને ચૌદસના દિવસે 'ચાર પગ' વાળી કોઈ ચીજની ખરીદી ન થાય. સમજાવું ? પશુ કે પલંગ કે ખાટલો.... વગેરે. અને જ વ્યક્તિનો જન્મ પૂનમના દિવસે થયો હોય તેનો બહુ વિશ્વાસ ન કરવો. અર્થની સત્યતા કેટલી ભરોસાપાત્ર છે, તે અંગે ટિપ્પણી કરી શકાય તેમ નથી, કારણ કે, તેમાં આપણા પૂર્વજોના અનુભવનો નિચોડ છે.

કોઈ અવસર કે તેહવારનો દિવસ નજીક આવી જાય ત્યારે પણ તિથિનો પ્રયોગ ચોવકમાં કરવામાં આવ્યો છે, કહ્યું છે કેઃ **તેરસ આવઈ તેરેં ઘડીયેં''.**

તહેવારના દિવસો છે, શુભ સંકલ્પ કરવાની તક છે. કામ કરતાં કહેશું તો લક્ષ્મીજીની કૃપા રહેશે. કચ્છી ચોવકમાં એ પણ સમજાવાયું છે કેઃ

**''કમકે હિકડો ડીં છડ્યો''**
**ત કમ આંકે ડો ડીંછડે''**

કામમાં નિરંતર રુચિ રાખવી, તમે કામ એક દિવસ પડતું મૂકશો તો કામ-ધંધામાં તમે દસ દિવસ પાછળ રહી જાશો.

**''અગિયારસ જે ઘરેં બારસ''**

બે જણા એકબીજાથી ચઢિયાતા હોય ત્યારે તેમના માટે ઉપરોક્ત કહેવતનો ઉપયોગ થાય છે.

**''કીંક ઘરેં ઘાબાડે,**
**કીંક છડે છાબડે,**
**કીંક કાંઢીમેં ફેર,**
**કીંક ઓછો આય શેર.''**

**-કિશોર વ્યાસ,** મુંબઈ સમાચારમાંથી સાભાર


આપને ત્યાંના
શુભ પ્રસંગોને
શોભાવવા ઢોલ તથા
શરણાઈના જાણીતા અને
માનીતા હાલારી ઢોલી





**સલીમ ભાઈ**
સંપર્ક : મહાવીર સ્પોર્ટસ,
એમ.જી. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.
મો.: 093247 96076
093211 31232

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

સમસ્ત અચલગચ્છના અને ખાસ કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિના ફ્રેંડ, ફિલોસોફર અને ગાઈડ એવા યતિવર્ય પ.પૂ. મોતીસાગરજી ક્ષમાનંદજીને જન્મ દિનની વધાઈ !



તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

# સંવેદનાની ભીનાશ

તામિળનાડુના તિરુચી જિલ્લામાં મસૂરી નામનું ટચૂકડું નગર. એમાં એક ભરવાડનું કુટુંબ રહે. ગાય-ભેંસ પાળે અને દૂધ-દહીં-માખણ વેચી ગુજરાન ચલાવે. ૧૬ વર્ષની સ્વાતિ બધાની લાડકી ભણવાની ભારે લગન. ખૂબ મહેનતું. માનું નામ થંગાપોન્નુ. ઘરનો અને વ્યવસાયનો કારાબોર એ જ ચલાવે. સ્વાતિ ખૂબ ભણે એવી તમન્ના. ભરવાડની દીકરીએ તો કૃષિ વિશ્વવિદ્યાલયમાં જ જોડાવું જોઈએ એવું માને.

પ્લસ ટુ પરીક્ષામાં ડિસ્ટિંક્શન માર્ક્સ લાવી કોઈમ્બતુર-સ્થિત અન્ના અરંગમ તામિળનાડુ કૃષિ વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ મેળવવા અરજી કરી. ઈન્ટરવ્યૂ માટે ઑગસ્ટની આઠમી તારીખે સવારે ૮.૩૦ વાગ્યે હાજર રહેવાનું આમંત્રણ મળ્યું.

ચેન્નઈમાં પણ અન્ના વિશ્વવિદ્યાલય છે. એના વિશાળ કેમ્પસમાં લોકો વહેલી સવારે ચાલવા આવે. નિયમિત આવનારાઓ પોતપોતાના ગ્રુપ બનાવે. મૈત્રીના ગાઠ સંબંધ બંધાય. એવા એક ગ્રુપનું નામ ટ્વોકર્સ, આઠમી ઑગસ્ટની વહેલી સવારે ગ્રુપના સભ્યો એકસાથે ચાલતા હતા. જોયું તો સામેથી બે મહિલાઓ ભારેખમ પગલે ધીમે ધીમે આવી રહી હતી. નાનીના હાથમાં બેગ હતી. મોઢા પર ઘેરા વિષાદની છાયા હતી.

ટ્વોકર્સના વોકર્સ ક્ષણભર થંભી ગયા. એમણે પૃચ્છા કરી. આ સ્ત્રીઓ હતી સ્વાતિ અને થંગાપોન્નુ. અન્ના યુનિવર્સિટીના નામમાં થાપ ખાઈ ગયેલાં અને કોઈમ્બતુરને બદલે ચેન્નઈ આ  પહોંચેલાં. ૬.૩૦ વાગ્યા હતા. ૮.૩૦એ કોઈમ્બતુરના વિશ્વવિદ્યાલયમાં પહોંચવાનું હતું. અશક્ય વાત હતી. આશા મરી પરવારી હતી.

'અરેરે બિચારી,' 'જબરો ગોટાળો થઈ ગયો ભાઈ' જેવા ઔપચારિક અર્થહીન શબ્દો બોલવાને બદલે ટ્વોકર્સ ગ્રુપના સભ્યો કામે લાગી ગયા. એક મા-દીકરી માટે નાસ્તો લેવા દોડ્યો. બીજાએ ઝાડ નીચે બેસી લેપટોપ ચલાવતા યુવાન પાસે લેપટોપ લઈ મા-દીકરીની ચેન્નઈથી કોઈમ્બતુરની પ્લેનની ટિકિટ બુક કરાવી દીધી. ભાડું થયું ૧૦,૫૦૦ રૂપિયા, ગરીબ મા-દીકરી એ ક્યાંથી લાવે ? ટ્વોકર્સ સભ્યોએ ભેગા મળી રકમ ચૂકવી દીધી.

ત્રીજો સભ્ય પોતાની કાર લેવા ઘરે દોડ્યો જેથી મા-દીકરીને ઍરપોર્ટ સમયસર પહોંચાડી શકાય.

ચોથાએ કોઈમ્બતુરના વિશ્વવિદ્યાલયના રજિસ્ટાર, આનંદકુમારનો સંપર્ક કર્યો. એ પોતે પ્રોફેસર છે. આનંદકુમારે આશ્વાસન આપ્યું કે સ્વાતિ ભલે મોડી પહોંચે, અમે રાહ જોઈશું.

૧૦.૧૫ વાગ્યે વિમાન ઊપડ્યું. ૧૧.૨૮એ કોઈમ્બતુર પહોંચી ગયું. ટ્વોકર્સના એક સભ્યે પોતાના મિત્રને ફોન કર્યો હતો એટલે એ ગાડી લઈ સ્વાતિને યુનિવર્સિટી પહોંચાડવા ઍરપોર્ટ પર હાજર હતો. ૧૨.૪૫ સુધીમાં બધી વિધિઓ પૂરી થઈ અને સ્વાતિને બાયોટેક્નૉલૉજીમાં ઍડમિશન મળી ગયું. કેમ્પસની હોસ્ટેલમાં રહેવાની સગવડ પણ થઈ ગઈ.

ટ્વોકર્સના  છઠ્ઠા સભ્યે કોઈમ્બતુરમાં શું ચાલી રહ્યું હતું એની માહિતી મેળવવાનું કાર્ય લીધું હતું. એણે શુભ સમાચાર મિત્રોને આપ્યા. સ્વાતિએ 'હિંદુ'ના સંવાદદાતાને કહ્યું કે 'આ તો એક ચમત્કાર હતો.'

થંગાપોન્નુએ કહ્યું: 'અમે કશું જ કરી ન શક્યાં હોત અને વીલે મોઢે ઘર પાછાં ફર્યાં હોત, પરંતુ ભગવાને એના ફરિશ્તાઓને મોકલી આપ્યા. સ્વાતિએ હવે બમણી મહેનત કરવી પડશે, નહિ તો એ ચૈન્નઈના એના અંકલ્સને શું મોઢું બતાવશે ?'

હૈયાંને આનંદથી તરબતર કરી દે એવી આ કહાણી નવી નવાઈની નથી. સ્વાર્થલોલૂપ આ દૂનિયામાં પ્રેમ અને સંવેદનાથી છલકાતાં ભાઈ-બહેનો છે અને ખુદાને પ્યારાં એવાં કાર્યો ગૂપચૂપ કર્યે જાય છે, પરંતુ એની ખાસ નોંધ લેવાતી નથી. ખૂન-ખરાબા, ટંકા-ફિસાદ, આસારામ જેવા 'બાપૂ'ઓ અને રાધેમા જેવી 'મા'ઓ છાપાંઓની હેડ-લાઈન્સ પર કબજો જમાવે છે. અખબારો સમય સમય પર આવા સમાચારો ટચૂકડી સ્પેસમાં છાપે છે. ઈન્સાનની ઇન્સાનિયતની ખુશબો ફેલાવતી, બીજાઓને પ્રેરણા આપતી આવી ઘટનાઓએ શોધી કાઢવાવી મહેનત પત્રકારોએ વધારે કરવી જોઈએ તેમ નથી લાગતું ?

આવા ખૂબસૂરત અનુભવની કથાઓનાં રત્નો છાપાં, સામયિકોના તંત્રીઓએ ડૂબકી મારી શોધી લેવા જોઈએ. હૈયામાં સંવેદનાની ભીનાશ હોય તો મનમાં ઇચ્છાશક્તિ જરૂર આવે.

**- હોમી દસ્તૂર,**

(નવનીત સમર્પણ, ઑક્ટો-૨૦૧૫, અંકમાંથી સાભાર)




## ABDASA (KACHCHH) GAUSHALA TRUST

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State  - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077,   Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

Reg. No. E-641-(DWR) dt. 24-3-90 ☎ : (08372) 236308

# શ્રીમતી મણીબાઈ કાંતીલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ગદગ

09448138780 - Sha Lalji Manekji
09341319295 - Sha Harish S. Munvar
09940666465 - Sha Tilakchand Lodaya
09381979792 - Sha Praveen Dagha
09448120993 - Sha Kantilal P. Mota

## સંચાલિત - "જીવન-સંધ્યા"

તા.૧-૪-૨૦૧૫ થી ૩૧-૧-૨૦૧૬

09448186222 - Sha Dineshchand Kuverji
09448165256 - Sha Veerendra Padamshi
09611133124 - Sha Chandrakant Patel
09342730997 - Sha Hirachand Dand
09820022638 - Sha Hemang Dharamshi

### નવી વીંગમાં એક રૂમના દાતા - ૧,૫૦,૦૦૧/-

- **શેઠશ્રી માણેકલાલ તથા શ્રીમતી મંજુલાબેન માણેકલાલ મોદીના સ્મરણાર્થે હ. ડૉ. ચંદ્રકાન્ત MD તથા શ્રીમતી દીના ચંદ્રકાન્ત મોદી Illinois USA**

### નિભાવ ફંડ

- ૫૦૪૦૦/- શ્રી કિરણભાઈ ચાંપશી પાલાણી, કોઠારા (મુંબઈ) ૪ જણ માટે વાર્ષિક લવાજમ
- ૧૦૮૦૦/- શ્રી મયંકભાઈ ગોવિંદજી મોમાયા, નલિયા (મુંબઈ) માતુશ્રી પુષ્પાબાઈ ગોવિંદજી મોમાયાના સ્મરણાર્થે
- ૫૦૦૦/- શ્રી પૃથ્વી એન. શાહ ગાંધીનગર અમદાવાદ
- ૨૧૦૦/- શ્રીમતી અનીતાબેન શૈલેશજી ધોકા, રાયચુર
- ૧૦૦૦/- શ્રીમતી સંગીતા પ્રદીપ લાપસીયા, મુલુંન્ડ
- ૧૦૦૦/- શ્રી કીશોર વીશનજી લોડાયા, પરભણી-પૂના
- ૧૦૦૦/- શ્રી લલીત નરેશ શાંતીલાલ લોડાયા, સુજાલપુર

### કાયમી સવારનો ચા-નાસ્તો, બપોરનું મિષ્ટાન ભોજન, બપોરની ચા, સાંજનું ભોજન - ૧૯૫૦૦/-

- શ્રીમતી પ્રેમાબાઈ નાગશી લોડાયા, વારાપધર (ગદગ) હ. નિલમ નરેન્દ્ર લાલકા, બાંઢિયા (ન્યુયોર્ક) USA
- શ્રી ચેતન દામજી લોડાયા, જખૌ (નાસિક) માતુશ્રી કસ્તુરબાઈ નરોત્તમલાલ ધરમશી, ગદગ ના સ્મરણાર્થે
- શ્રી ગુલાબચંદ જેતશી ખોના, મોટી ખાવડી (દાવણગેરી) પુણ્યતિથી નિમિત્તે હ. ચી.ડેની, રાજેશ અને ભૈરવ ખોના
- શ્રી ગુલાબચંદ જેતશી ખોના, મોટી ખાવડી (દાવણગેરી) જન્મ દિવસ નિમિત્તે હ. શ્રીમતી હેમલત્તાબેન ગુલાબચંદ ખોના

### કાયમી મિષ્ટાન ભોજન - ૧૦,૦૦૧/-

- શ્રી શાંતિલાલ ભવાનજી લોડાયા, નલીયા (સુજાલપુર) હ. ગુણવંતીબેન
- શ્રીમતી પ્રવીણા હર્ષદ શાહ (લાલકા) વારાપધર (ઘાટકોપર)
- શ્રી જયંતિલાલ મેઘજી લોડાયા, સાંયરા (હુબલી) હ. શ્રીમતી જ્યોતિબેન
- શ્રીમતી વનિતાબાઈ કુંવરજી લાલકા, બાંઢિયા (ગદગ) હ. શ્રી નવીનભાઈ તથા શ્રી ગુલાબભાઈ લાલકા (હુબલી-મુંબઈ)
- શ્રી કુંવરજી માલશી લાલકા હ. શ્રી મધુકરભાઈ તથા શ્રી નરેન્દ્રભાઈ લાલકા (હુબલી-મુંબઈ)

### કાયમી સવારનો ચા-નાસ્તો, બપોરની ચા, સાંજનું ભોજન -૯૫૦૦/-

- શ્રી કુંવરજી માલશી લાલકા, બાંઢિયા (ગદગ) હ. શ્રીમતી નિલમ નરેન્દ્ર લાલકા, (ન્યુયોર્ક) USA
- શ્રીમતી વનિતાબેન કુંવરજી લાલકા હ. શ્રીમતી નિલમ નરેન્દ્ર લાલકા

### કાયમી સાંજનું સાદું ભોજન - ૫૦૦૧/-

- શ્રીમતી કસ્તુરબાઈ ગોવિંદજી ધરમશી, સુથરી (ભાડુંપ) હ. નિલમ નરેન્દ્ર લાલકા, (ન્યુયોર્ક) USA

### કાયમી સવારનો ચા-નાસ્તો - ૩૦૦૧/-

- શ્રી હિરાચંદ ગોવિંદજી ધરમશી, સુથરી (ભાંડુપ) હ. નિલમ નરેન્દ્ર લાલકા

### કાયમી બપોરની ચાય - ૧૫૦૧/-

- શ્રીમતી પ્રવીણા હર્ષદ લાલકા (શાહ) વારાપધર (ઘાટકોપર).
- શ્રીમતી હીના ભરત મોમાયા, નલિયા (ડોંબિવલી).

### એક ટંક મિષ્ટાન્ન ભોજન આશ્રમવાસીઓ સાથે-૧૫૦૧/-

- શ્રી સાહિલ ચંદ્રેશભાઈ મુલજી ઘુલ્લા, સુથરી (વાશી).
- શ્રીમતી નેણબાઈ મેઘજી લોડાયા (મુંબઈ).
- શ્રીમતી પુષ્પાબાઈ શાંતીલાલ ધરમશી, જખૌ (ગદગ).
- શ્રી કીરીટ રાયમલ નાગડા, નલિયા (ગદગ).
- શ્રીમતી પુર્ણીમાબેન દીપક વીકમશી, વરાડીયા (હુબલી).
- શ્રીમતી મિત્તલબેન ધારેશ ધરમશી, સુથરી (મુંબઈ).
- શ્રી દિનેશ લક્ષ્મીચંદ મુંદડા, ગદગ.
- શ્રીમતી હંસાબેન હિરાચંદ મૈશેરી, નાની સીંધોડી (રાયપુર).
- શ્રી સોમચંદ હંસરાજ ખોના, બારોઈ (ગદગ).
- શ્રીમતી રાખી વીક્રમ મોમાયા, સાંયરા (મુંબઈ).
- શ્રી કૌશીક નવીનચંદ સોનાવાલા, બેંગલોર (નલિયા).
- શ્રીમતી ચંપાબાઈ ચંદનમલજી બાગમાર (ગદગ).
- શ્રીમતી હીના ભરત મોમાયા નલીયા (ડોંબીવલી).
- શ્રી નવીન વિશનજી હરીયા (હૈદ્રાબાદ).
- શ્રીમતી સાવીત્રી મેડમ SBI, Mulgund Naka, ગદગ.
- શ્રીમતી મીનાબેન તુષાર વીકમશી, વરાડિયા (હુબલી).
- શ્રી સતીશ કલ્યાણજી ધરમશી, નલીયા (મુંબઈ).
- શ્રીમતી લક્ષ્મીબેન પ્રતાપ નાગડા, જખૌ (બેલગામ).
- ચિ. પ્રગતી લલીત જૈન ગદગ.
- શ્રી શાંતીલાલજી છગનલાલજી બાફના, ગદગ.

**આ ટ્રસ્ટને અપાતું દાન I.T. ACT 1961/U/S 80 G હેઠળ કરમુક્તિને પાત્ર છે**

શ્રીમતી મણીબાઈ કાંતિલાલ શાહ (મૈશેરી) ચેરીટેબલ ટ્રસ્ટ-ગદગ
HDFC બેંક - SB A/c No. 17621450000018, RTGS/NEFT/IFSC Code HDFC 0001762
CANARA - SB A/c No. 0511101019459, Bank IFSC Code CNRB0000511
મુંબઈ સંપર્ક : શ્રી કુલીનકાંત ચાંપશી લુઢીયા - 098200 39469, શ્રી હેમાંગ રાયચંદ ધરમશી - 09820022638

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## ધ્વજા મહોત્સવ યવતમાલ

વિદર્ભ પ્રદેશના યવતમાલ નગરે શ્રી કુંથુનાથસ્વામીના ગૃહ જિનાલયની પંચમી વર્ષગાંઠ અને છઠી ધ્વજારોહણ વિધી તા. ૨૪-૦૧-૨૦૧૬ પોષ વદી ૧ ના ખુબ હષોલ્લાસથી સંપન્ન થઈ. મુંબઈ થી વિધીકાર શ્રી ચીરાગભાઈ સંગોઈ આવેલ. ૧૮ અભિષેક અને સત્તરભેદી પૂજા ભાણવેલ. ભક્તિના સુર સૌ. અંજુબેન નાગડા ના હતા.

ધ્વજાનો ચઢાવો પ.પૂ. સાધ્વી શ્રી જ્યોતીકલાશ્રીના સાંસરીક બહેન સૌ. પ્રભાબાઈ જાધવજી છેડાએ લીધેલ. બીજા વાર્ષિક ચઢાવા પણ સારા થયા. સ્વામીવાત્સલ્યનો લાભ પ્રતિષ્ઠા કરાવનાર પરિવાર સૌ. હંસાબેન વિસનજી મેહતા, શ્રી ચંદુલાલ હાથીભાઈ શાહ અને મુંબઈથી પધારેલા શ્રીમતી હેમકુંવરબેન મગનલાલ કેનિયાએ લીધેલ.

## માંડવી જિનાલયની વર્ષગાંઠ ઉજવાઈ

માંડવી શહેરનાં બંદર રોડ મધ્યે આવેલ શ્રી અજિતનાથજી જૈન દેરાસરની ૧૩૫મી વર્ષગાંઠની ધાર્મિક આરાધનાઓ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ.પૂ.આ. શ્રી મુક્તિદર્શનજી મ.સા. આદિઠાણાઓએ નિશ્રા આપેલ. ધર્મોતેજક મંડળની બહેનોએ પૂજા ભણાવેલ.

ધ્વજાના થાળનો લાભ માતુશ્રી હીરબાઈ પુનશીં મૈશેરી, શાંતિનાથ પ્રભુજીની ધ્વજાનો લાભ નવિનચંદ્ર ખીમજી મોરબીયાએ, આરતીનો લાભ ઉદયભાઈ, મંગળ દીવાનો લાભ યશવંતભાઈ ધનજી સંઘવી, શાંતિકળશનો લાભ હીરબાઈ પુનશીં મૈશેરી, જ્યારે દેવદેવીઓનો લાભ લક્ષ્મીબાઈ ટોકરશીં ધરમશીં પરિવારે લીધેલ. વ્યવસ્થા ભદ્રીક મૈશેરી, દિલીપ જૈન, વિનય મૈશેરી, તિલક ડાઘા તથા કાર્યકરોએ સંભાળી હતી.

## કાંરજા મૂર્તિજાપુર મહિલા મંચ

કાંરજા-મૂર્તિજાપુર મહિલા મંચ તા. ૭-૨-૨૦૧૬ની મીટીંગ સૌ. લીનાબેન હિરાચંદ ગોસરના ઘરે રાખવામાં આવેલ. બે ગેમ રમાડવાની આવી. લીંબુ-ચમ્મચની ગેમના પહેલા વિજેતા સૌ. રાશી રાહુલ ગોસર અને બીજા વિજેતા સૌ. કેતકી દિપક ગોસર થયેલ. ભારતીય તહેવારો સંબંધી બીજી ગેમના પહેલાં વિજેતા સૌ. હીના જયેશ લોડાયા અને બીજા વિજેતા સૌ. હર્ષા નિશાંત ગોસર થયેલ. વિજેતાઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું. મહિલા મંચ તરફથી સભ્યો અને જનતાના સહકારથી તા. ૩૧-૧-૨૦૧૬ના 'આનંદ મેળાવા'નું આયોજન કરવામાં આવ્યું.

## શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી આયોજીત રંજન સંધ્યા

શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી તરફથી તા. ૨૪/૧/૧૬ના રવિવારે રંજન સંધ્યા રોટરી હોલ ખાતે યોજાયેલ.

આ કાર્યક્રમમાં મંડળના પ્રમુખશ્રી રાયચંદભાઈ જીવાણી, ઉપપ્રમુખ શ્રી અજયભાઈ શિયાડ, રોટેટીંગ ટ્રોફીના દાતા માતુશ્રી નવલબેન જેતશી શિયાલ (દલતુંગી) પરિવાર તરફથી વિજયાબેન જયંતિલાલ લોડાયા, સાંસ્કૃતિક સમિતિના ચેરમેન ઉર્મિલાબેન લાલકા, સહમાનદમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ ડાઘા, વિશ્વજીત લોડાયા, ખજાનચી ચેતન નાગડા, સહ ખજાનચી કવિતાબેન ખોના, ભાવનાબેન મોમાયા, અતુલભાઈ ધરમશી, મુકેશ શિયાડ, વિજય સોની, મનોજ ખોના, સંજય નાગડા, પ્રફુલભાઈ નાગડા, નિર્ણાયક ગણ શ્રી મનોજ જાધવ અને શ્રીમતી સંપદા ગોડબોલે તથા ૨૦૦ થી વધુ જ્ઞાતિજનો તથા ૬૦ કલાકારોએ હાજરી આપી હતી.

ઉર્મિલાબેન લાલકા, ભાવનાબેન મોમાયા, કવિતાબેન ખોના અને ભાવિનીબેન નાગડા દ્વારા નવકાર મંત્રનું પઠન કરાયું અને એ, બી, સી, અને ડી ગ્રુપ પ્રમાણે સોલો ડાન્સ, ગ્રુપ ડાન્સ, અને ક્લાસીકલ નૃત્યની શરૂઆત કરાઈ. કુલ ૬૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

## પરબ શક્તિ સંજીવની સોસાયટી

પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા આયોજીત લખલક્ષ્મી લુઠીયા જનસહાયક ફંડ દ્વારા પ્રેરીત રાહત દરે અનાજ તથા મસાલાનું વેચાણ. સ્થળ - પરમ કેશવ બાગ, ઘાટકોપર (વેસ્ટ), તા. ૬-૪-૨૦૧૬ બુધવાર તથા તા. ૭-૪-૨૦૧૬ ગુરૂવાર. મસાલા તથા ખાદ્યપદાર્થોનું સ્ટોલ રાખવા ઈચ્છુક મહિલાઓએ પરબના ટ્રસ્ટીઓનો સંપર્ક કરવા વિનંતી. સ્ટોલ નિઃશુલ્ક આપવામાં આવે છે.

## આકસ્મિક મૃત્યુ વિમા યોજના

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન અંતર્ગત શ્રેષ્ઠીશ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર, રવા - ચેમ્બુર આકસ્મિક મૃત્યુ વિમા યોજના અન્વયે શ્રી ભાવેશ કીરીટભાઈ દંડ, કલકતાનું આકસ્મિક નિધન થતાં, તેમના માતુશ્રી કસ્તુરીબેન કીરીટભાઈ શાહને આકસ્મિક મૃત્યુનાં ક્લેમનો રૂા. ૨,૫૦,૦૦૦/-નો ચેક અર્પણ કરાયો હતો.

**નવા/બદલાયેલા સરનામા –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **હેમેન્દ્ર વિસનજી લોડાયા (નામમાં ભુલ સુધાર)** | બી-૨/૮૦૪, લોક એવરેસ્ટ, જે.એસ.ડી. રોડ, મુલુંડ (વે.), મુંબઈ-૪૦૦ ૦૮૦. |
| **રવિન્દ્ર વેલજી મૈશેરી** | ૨૦૨, સાઈ વિરાટ એપાર્ટમેન્ટ, ૧૬-૨-૧૪૭/૬૫, આનંદ નગર કૉલોની, મલકપેઠ, હૈદ્રાબાદ - ૫૬૦ ૦૩૬. |
| **વીરેન ગોવિંદજી નાગડા** | ૫૦૨, ઓમ-સાઈ વૈભવ બિલ્ડીંગ, ઠાકુર્લી રિક્ષા સ્ટેન્ડ નં. ૧ ની પાસે, દીનદયાલ ક્રોસ રોડ, ડોમ્બીવલી (વેસ્ટ). મો.: ૯૧૬૭૪ ૭૭૯૨૯ |
| **તિલક હીરાચંદ પટેલ (નાગડા)** | ફ્લેટ નં. ૯૦૨, સદગુરૂ સુપ્રીમ, ૯ મે માળે, વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો. તારક : ૦૯૮૨૦૨૭૩૮૦૯, ભારતી : ૦૯૯૨૦૪ ૮૮૬૨૧ |
| **કેશવજી ટોકરશી મોમાયા** | ૪૦૨, શંકર ભુવન, ૪થે માળે, રાજાવાડી રોડ નં. ૪, રાજાવાડી, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭. |

દરેક ગ્રુપમાંથી આ વર્ષે પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણ નંબર આપવામાં આવેલ તેમજ સૌથી બેસ્ટ આઈટમ્સ ને રોટેટીંગ ટ્રોફી તથા ઈનામ અપાયા હતા.

રંજન સંધ્યા દરમ્યાન ઉપસ્થિત જ્ઞાતિજનો માટે ફિલ્મી હાઉઝી રમાડવામાં આવી. જેમાં કવિતાબેન ખોના અને ભાવનાબેન મોમાયાએ સાથ સહકાર આપ્યો. જેના ૧૫ જેટલાં વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યું હતું.

## શ્રી લાલા તીર્થે ધ્વજારોહણ ઉત્સવ ઉજવાયો

શ્રી લાલા તીર્થે જિનાલયની વર્ષગાંઠની નિમિતે ધ્વજારોહણ ઉત્સવ વસંત પંચમી અને જ્ઞાન પંચમીના શુક્રવાર તા. ૧૨/૨/૨૦૧૬ના ઉત્સાહપૂર્વક ઉજવાયો. સારી સંખ્યામાં (૨૩) સ્થાનિક તેમજ મુંબઈથી ગામવાસીઓ પધારેલ. વ્યાસજી મહારાજ દ્વારા સત્તર ભેદી પૂજા ભણાવવામાં આવેલ. સાધર્મિક ભક્તિનો લાભ શ્રી મુલજી આણંદજી દંડ પરિવારે લીધેલ.

## માડું કુલા ભરીએંતો ભાર

માડુડા તું કુલા ભરીએં તો ભાર,
પોવા ખણી ન સગનેં શ્વાસોશ્વાસજા તાર,
હિન કાયાજો ઠિઠડીંયો ગડો,
મિંજ ખોટા ભરીએં પેયો માલ.
હિકડા ગુટકા બ્યા... તમાકું,
વરી વાઈન સેં તોજો વે'વાર.
કાયા જ્યું ગલીયું ગુંચીંયું ને,
શટુકડીયું શેરીયું.
કોલા ગસું કિટાય કર્રે ગડાવાટ,
વસન સેં જુંડુંઘો કીં ન
તૂં જુરને સે ધાર,
છડ હિન કડે વસન કે
મનકે કે તું ગાર,
હલકો હુંનોં હલી શગને.
ઉકરી થીંને પાર,
કુલા ખણેતો ભાર...
માડુડા તું કુલા ભરીએં તો ભાર,

– **ભદ્રી પટેલ** સાંધાણ – ભાંડુપ


**Matushri Premabai Laxmichand Lapsia**
**MEDICAL CENTRE**
FREE Medical Check-up
**DONOR - SHRI KIRIT L. LAPSIA**
KDO FEMALE MEMBERS
**Managed by**
***Shree Dombivali Welfare Group***
**Shivganda Vihar CHS, Kopar X Rd., Opp. Sarla Complex, Dombivali (W) - 421 202. Tel.: 0251-6956611**
**"Organises"**
On Occession of **"WOMEN'S DAY"** on **8th March 2016,**
**FREE Medical Check-up** for **All KDO FEMALE MEMBERS.**

**Following Check-up Shall be provided :**

1) **Free Dental Check up**
   Time : 9.00 am. to 12.30 pm./ 3.30 pm. to 7.00 pm.
2) **Free Gynecology Consultancy**
   Time : 10.00 am. to 12.00 pm. **(Dr. Vaishali Pagare)**
3) **Free Blood Test**
   Fasting Blood Sugar Time : 9.00 am. to 10.00 am.
   **(By Hemant - Path World)**
   Blood Group Time : 9.00 am. to 12.30 pm.
4) **Free Homeopathy Consultancy**
   Time : 10.00 am. to 12.00 pm. **(Dr. Ameeta Trivedi)**
5) **General Physician**
   Time : 3.30 am. to 7.00 pm. **(Dr. Shobha Hattimathur)**
6) **Free Eye Check-up**
   Time : 5.00 am. to 6.00 pm.
   **Dr. Vinay Byadgi (Eye Surgeon)**

**Rajesh P. Shah** Managing Trustee | **Ramesh T. Soni** Trustee | **Chimanlal H. Khona** Trustee | **Ketan V. Lapsia** Co-ordinator

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૧૨-૧૫ | સાયન | ધ્રુવંશ, જીનલ કરણ હિરાચંદ ખોના | તેરા | પુત્ર |
| ૧૦-૦૧-૧૬ | મુલુંડ | ખુશ, નિધી અર્પિત સુરેશ લોડાયા | જખૌ | જોડિયા પુત્ર |
| ૧૦-૦૧-૧૬ | મુલુંડ | જશ, નિધી અર્પિત સુરેશ લોડાયા | જખૌ | જોડિયા પુત્ર |
| ૧૭-૦૧-૧૬ | ઈંદોર | આર્નવી, સલોની જીગ્નેશ જયેશ લાલકા | લાલા | પુત્રી |
| ૦૯-૦૨-૧૬ | જોધપુર | સર્વી, નીલમ વિનીત જવેરચંદ લાપસીયા | દલતુંગી | પુત્રી |

### જન્મ ભુલ સુધાર

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬-૧૨-૧૫ | મુલુંડ | પ્રાશી, ઉર્વિ જીનેન હરીશ મહેશ્વરી | જખૌ | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૦૨-૧૬ | વર્ધમાનનગર | હિમાંશુ મૂરજી નરશી મોતા | રાપરગઢવારી | ૨૨ |
| | આદિપુર | રીયા રાજેશ જવેરચંદ છેડા | સુજાપુર | ૨૦ |
| ૧૨-૦૨-૧૬ | પાચોરા | હિતેન સુભાષ ધનજી નાગડા | પરજાઉ | ૨૮ |
| | ડોમ્બીવલી | મિતલ પુનમચંદ વેરશી સોની | વાંકુ | ૨૬ |
| ૧૩-૦૨-૧૬ | ડોમ્બીવલી | રાકેશ અભય ત્રિકમજી મૈશેરી | મોટી સિંધોડી | ૨૬ |
| | હૈદ્રાબાદ | અશ્વિની શાંતીલાલ દેવરાજ મૈશેરી | મોટી સિંધોડી | ૨૬ |
| ૧૬-૦૨-૧૬ | ડોમ્બીવલી | વિરલ કિરીટ રતનશી નાગડા | સાંધાણ | ૨૫ |
| | મુલુંડ | ચાર્મી કિર્તી વેલજી ધરમશી | સાંધાણ | ૨૨ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૦૨-૧૬ | ડોમ્બીવલી | લલીત દેવેન્દ્ર કુંવરજી ગાલા | શેરડી | ૩૧ |
| | ડોમ્બીવલી | ચિંતલ ગિરીશ દામજી મૈશેરી | રાપર | ૨૯ |
| ૧૩-૦૨-૧૬ | ચાલીસગામ | હાર્દિક ભરત નરશી લોડાયા | નાની ખાવડી | ૩૦ |
| | વસઈ | અંજલી કલ્યાણજી જેઠા ગાલા | મકડા | ૨૭ |
| ૧૪-૦૨-૧૬ | મુલુંડ | કેવલ ધનવંત બાબુલાલ શાહ | પાલીતાણા | ૨૪ |
| | મુલુંડ | મિલોની ચેતન રમેશચંદ્ર નાગડા | રંગપુર | ૨૪ |
| ૧૪-૦૨-૧૬ | ડોમ્બીવલી | વૈભવ પારસ લહેરચંદ લોડાયા | બાંઢીયા | ૨૭ |
| | ડોમ્બીવલી | લતિકા સંતોષ સખારામ નલાવડે | | ૨૬ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭-૧૨-૧૫ | કલકત્તા | કેયૂર માણેકજી ખોના | સાંધવ | ૩૦ |
| | હૈદ્રાબાદ | ખુશીકા નરેન્દ્ર મૈશેરી | જખૌ | ૨૯ |
| ૨૧-૦૧-૧૬ | ચેમ્બુર | પ્રિયંકકુમાર દેવેન્દ્ર કાંતીચંદ ખોના | સાંધવ | ૨૯ |
| | ચાલીસગામ | પ્રક્ષા જીતેન્દ્ર શીવજી રતાણી | તેરા | ૨૭ |
| ૨૬-૦૧-૧૬ | સાંતાક્રુઝ | નિશાંત પંકજ હંસરાજ લાપસીયા | દલતુંગી | ૩૦ |
| | માટુંગા | હર્ષની ભાઈચંદ કુંવરજી દંડ | ભરૂડિયા | ૩૦ |
| ૦૫-૦૨-૧૬ | મુલુંડ | વિશાલ પિયુષ ગુલાબચંદ મોમાયા | વરાડીયા | ૨૬ |
| | મુલુંડ | ભાવિની વિનોદ હંસરાજ લોડાયા | આરીખાણા | ૨૫ |

### અંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૨-૧૬ | ડોમ્બીવલી | ભુપેશ અરવીંદ રાયચંદ લોડાયા | દલતુંગી | ૩૦ |
| | ડોમ્બીવલી | યુતિકા પ્રકાશભાઈ બખતરમલજી સીંઘવી | ફાલના | ૨૮ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩-૦૨-૧૬ | ઘાટકોપર | જયાબેન શીવજી ડુંગરશી રાયશી મૈશેરી | જખૌ | ૭૩ |
| ૧૫-૦૨-૧૬ | મુલુંડ | લક્ષ્મીબાઈ રતનશી કરમશી લાપસીયા | સુથરી | ૮૬ |

## ટેસ્ટ-મી-કેટરર્સ (ડોંબીવલી)

**જખૌના અમિષ ડી. મૈશેરીને નવા સાહસ માટે વધાઈ**




ક.દ.ઓ. સમાજ માટે નવી સુવિધા, તદ્દન નવો આધુનિક લગ્ન હૉલ સેવા ભાવે સમર્પિત.

**આપના શુભ પ્રસંગો:** બર્થ-ડે પાર્ટી, સગપણ-લગ્ન પ્રસંગ, સ્નેહ મિલન, કિટી પાર્ટી, ફન-ફેર સંમેલન, મીટીંગ, ઉદ્ઘાટન જેવા અનેક યાદગાર અવસરો માટે ખાસ લૉન્જ-ગ્રીન ગાર્ડનની સગવડ સાથે કિફાયતી તથા સરળતાથી ઉપલબ્ધ.

**ક.દ.ઓ. પરીવારો માટે ૧૦% ડિસ્કાઉન્ટ**



**કોપર તથા ડોંબીવલી સ્ટેશનથી ૬ મિનીટના અંતરે**
જન-ગણ-મન ફાઉન્ડેશન સભાગૃહ, તેલકુસ વાડી, ડૉ. નેમાડે રોડ, ડોંબીવલી (વેસ્ટ).

**સંપર્ક : અમિષ ડી. મૈશેરી - ૯૦૨૯૫ ૨૯૪૮૩**

ફેનીલ મૈશેરી - ૮૮૯૮૬ ૮૫૭૦૬ અમિત દંડ - ૯૩૨૩૪ ૦૬૦૫૨


## શ્રી હિરાચંદ દંડને ફિલ્મઉદ્યોગની સેવા અર્થે પ્રતિષ્ઠિત અવોર્ડ



શ્રી હિરાચંદ દંડને ફિલ્મ ઇંડસ્ટ્રીમાં - ઈન્ડીયન ફિલ્મ એસોશીયનના પ્રમુખ તથા ફિલ્મ ફેડરેશન ઑફ ઈન્ડીયાના સેક્રેટરી તરીકે સેવા આપવા બદલ તા. ૧૬-૨-૨૦૧૬ના શિવ-ઈતિહાસ પ્રેમી મિત્ર મંડળ (મુંબઈ) તથા રાષ્ટ્રીય શિવ-જયંતિ મહોત્સવ સમિતિ (દિલ્હી) દ્વારા સાંસદ શ્રી રાવસાહેબ દાન્વે પાટીલના હસ્તે ''ગૌરવ - ૨૦૧૬''નો પ્રતિષ્ઠિત અવોર્ડ અર્પણ કરાયો હતો.




**SACHIN'S**
**UNISEX SALON**

Special Offer only for KDO's
**15**% off for 3 months

***Our Products:***

Shahnaz Husain | Richfeel | VLCC | O3+ | Cheryl's | Body Care
R.K's Aroma | Nature's, etc.,

Balaji Angan, Shop No. 12, Khambhalpada Road, Beside Mangeshi Dazzle,
Thakurli (East) - 421201. | M: +91 8108848455

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001



# મોતા તથા ખોના પરિવારનું ગૌરવ

## હાર્દિક અભિનંદન

## ડૉ. વિશાલ મનિષ મોતા

ગામ : રાયધણજર • જન્મ : તા. ૧૦/૧૨/૧૯૯૨

ડૉ. વિશાલએ Bachelor of Physiotherapy (BPTh)ની પદવી મેળવવા બદ્દલ **હાર્દિક અભિનંદન** તથા **ઉજ્જવલ ભવિષ્ય માટે શુભકામના.**



**"વધે તમારી નામના એજ અમારી કામના"**

❖ શુભેચ્છકો ❖

| | | | |
|---|---|---|---|
| દાદી-દાદા | : | માતુશ્રી કોકીલાબેન (દમયંતીબેન) કિશોરચંદ દામજી મોતા | ભાંડુપ |
| માતા-પિતા | : | અ.સૌ. સોનલ મનિષ મોતા (098222 62589) | |
| ફોઈ-ફુવા | : | અ.સૌ. મીતા અમિત નાગડા | નિગડી |
| નાની-નાના | : | માતુશ્રી દમયંતીન હિરાચંદ ખોના | નેરૂલ |
| | | સ્વ. માતુશ્રી જયાબેન શાંતિલાલ ખોના | નલિયા |
| | | સ્વ. વિજયાબેન ચત્રભુજ ખોના | નલિયા |
| માસી-માસા | : | અ.સૌ. ભાવના મયુર લાપસિયા | ભાવનગર |
| | | અ.સૌ. રૂપલ મહેન્દ્ર લોડાયા | બીડ |
| | | અ.સૌ. તેજલ કેતન સોની | કોચીન |
| | | અ.સૌ. રાજલ રૂપેન છેડા | મુલુન્ડ |
| | | અ.સૌ. ડિમ્પલ રોબીન દંડ | નેરૂલ |
| ભાઈઓ | : | ચિ. હાર્દિક, ચિ. ગૌતમ, ચિ. અક્ષત, ચિ. મીત | |
| ભાભી | : | અ.સૌ. નેહલ હાર્દિક લાપસિયા | |
| બહેનો | : | કુ. રૂતુજા, કુ. અંકિતા, કુ. મેઘના, કુ. રિધ્ધી, કુ. પ્રાચી, અમિત નાગડા | |

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,